सर्वजीव-रक्षा
सद्धर्म-प्रतिष्ठा

अहिंसा करुणा

समभाव आत्मौपम्य

# ધારાસ્થાપિત-ગોરક્ષા

## એક નૈતિક આધ્યાત્મિક અનિવાર્યતા

## સત્ - ચિત્ - આત્મન્






आर्य सन्निति: अध्यात्म विज्ञानम् सत्ययुगस्य संविधानम् सा एव अदिति

अध्यात्म जननी सत्ययुग संस्थापना परब्रह्म आराधना विश्व पावनी

ॐ

જો કે સત્ અને અસત્ જુદાં નથી, છતાં શું સત્, અસત્ કરતા જુદું નથી ? અસત્થી જે ભિન્ન છે તે જ સત્ છે. અસત્ને દૂર કરવાની શકિત સત્ માત્રમાં જ છે.

– શ્રી રામગીતા

# ધારા સ્થાપિત– ગોરક્ષા

સત્–ચિત્–આત્મન્

ઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈ

आर्य सन्निति: सा एव अदिति:

सत्–चित्–आत्मन्

ગોમાતા એટલે સત્ય પર આધારિત દયા અને અહિંસાની આર્ય સન્નિતિનું મૂર્ત સ્વરૂપ.

ઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈઈ

વિશ્વ - સત્યયુગ પ્રકાશન

૧૯૮૨

ૐ

# નિવેદન

શ્રી સત્-ચિત્-આત્મન્ પરમાત્મન્ રચિત્ 'ધારા સ્થાપિત-ગોરક્ષા' પુસ્તકની આ નવી આવૃતિ ગાયો તથા નિર્દોષ જીવોની રક્ષાર્થે- મૂળ નકલ પ્રમાણે પ્રકાશિત કરીએ છીએ.

શ્રી આત્મન્ ભગવાન ચેરીટેબલ ટ્રસ્ટ

શ્રીરામનવમી

ચૈત્ર-સુદ-નોમ

તા.૨૮-૩-૨૦૧૫

પ્રકાશક :
શ્રી આત્મન્ ભગવાન્
ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ.

મુદ્રક :

પ્રાપ્તિ સ્થાન :-
સત્યયુગ શ્રી રામજીમંદિર
શ્રી ન્યાલ ભકત આશ્રમ
બાળ અદાલત સામે ગોંડલ રોડ
રાજકોટ : ૩૬૦ ૦૦૨.
ફોન : ૨૨૨૩૯૫૦.

કોમ્પ્યુટર ડીઝાઇન :
હીમા કોમ્પ્યુટર
અને
પુષ્પક ડીઝીટલ આર્ટ

પડતર કિમતઃ રૂા. ૪૦
વેચાણ કિમતઃ રૂા. ૩૦

*ચિત્રઃ બ્રહ્મકિરણ*




પરમાત્મન્ શ્રી સત્–ચિત્–આત્મન્

ॐ

# પ્રાસ્તાવિક

શ્રી સત્-ચિત્-આત્મન્ ભગવાનના આદેશ અને સૂચનાનુસાર ગાય સહિત અન્ય માનવેત્તર પ્રાણીઓની રક્ષા વિશેનું આ લઘુ પુસ્તક તેઓશ્રીએ જેમ લખાવેલ તેમ પ્રગટ કરી, કૃતાર્થતા અનુભવું છું.

પ્રસ્તુત પુસ્તકમાં ગોરક્ષા માટેનો દેશવ્યાપી કાયદો બનતો અટકાવવામાં મુખ્ય અવરોધક ત્રણ દલીલોના સ્પષ્ટીકરણ સાથે કરેલી વિસ્તૃત છણાવટ છે. તદુપરાંત માનવેત્તર પ્રાણીઓ પ્રત્યે આચરવામાં આવતા ઘોર ક્રૂરતાભર્યા અને અમાનુષી હિંસા રૂપ દૈનિક પ્રલયને તત્કાલ અટકાવવાની જરૂરિયાત અંગેનો અનુરોધ(By way of persuasion) છે.

**ઉપર્યુકત ત્રણ અવરોધાત્મક દલીલો આ પ્રમાણે છે.**

૧. વેદકાળમાં અભક્ષ્યભક્ષણ થતું હતું અને ગાયના બલિને અનુમોદન આપતા અનેક સંદર્ભો વૈદિક સાહિત્યમાં મળે છે.

૨. કાયદાનો આધાર ટાંકી ‘માત્ર હિંદુ ધર્મની’ મનાતી ગોરક્ષાની અયોગ્યતા.

૩. ગોરક્ષા માટેનો દેશવ્યાપી કાયદો બનાવવા વિશે ભારતીય સંસદની બંધારણીય અક્ષમતા.

પ્રલય નિવારણ તથા સત્યયુગ સંસ્થાપન માટેના પોતાના અવતારી કાર્યની છેલ્લા ત્રીશ વરસથી શરૂ કરેલી એકધારી કઠિન તપસ્યા દરમિયાન છેલ્લા ચાર વરસ પહેલા પરાત્પર થકી થયેલ દિવ્ય દર્શનોને આધારે પ્રભુશ્રીને જયારે એમ જણાયું કે સમષ્ટિના પાપને કારણે પ્રલયના ગઠબંધન વધુને વધુ ઘેરા બનતા જાય છે ત્યારે તેનો વિનિયોગ કરવા પુણ્યનો પૂંજ જરૂરી છે જે, ગો તથા ગોવંશ અને મૂક જીવોની સંપૂર્ણ રક્ષા દ્વારા શકય છે. આથી પ્રભુશ્રીએ વેદકાલીન વિભાગને સમાવી લેતું The Constitutional Protection of Cows and All Harmless Creatures from Violence and

ૐ

Inhumanity a Moral and Spiritual Necessity for Human Survival, True Peace and Properity. નામનું અંગ્રેજી ભાષામાં પુસ્તક લખ્યું. ધર્મનો આધાર ટાંકી ગોરક્ષા માટેનો હિંદુઓનો અનધિકાર અને દેશવ્યાપી કાયદો બનાવવા વિશે સંસદની અક્ષમતા જેવા હાલના સમય સંજોગોમાં રજૂ કરતા પ્રશ્નોનું સ્પષ્ટીકરણ પ્રભુશ્રીએ પ્રસ્તુત પુસ્તકમાં કરેલ છે. અંગ્રેજી ભાષામાં લખાયેલા ઉપર્યુકત પુસ્તકનો સારભાગ આ પુસ્તકના પ્રકરણ ૧ અને ૨ માં સમાવી લેવાયો છે. ઉપરાંત વિવિધ ધર્મોમાં ગાયના ઉચ્ચ સ્થાન વિશેનો આધાર દર્શાવતા ચિત્રો પણ વિશેષ સમજ માટે મૂકેલ છે.

સુજ્ઞ વાચકો આ પુસ્તકના વાંચન ચિંતન અને મનન દ્વારા સંપૂર્ણ ગો રક્ષા થાય તે અર્થેની સુ-સમજ કેળવીને આ કાર્યને પ્રભુ પ્રીત્યર્થે કરવાનું પરમાર્થનું કાર્ય ગણી, નિષ્કામ ભાવે પોતપોતાનાથી શકય તેટલા પ્રયત્નો કરે તેમાંજ તેમના ઈષ્ટ પ્રત્યેની શુદ્ધભકિત રહેલી છે.

ભકત જયંતીભાઇ એમ. ઉદાણી
વિશ્વ સત્યયુગ સંસ્થાપન

ૐ

# અનુક્રમણિકા

પાના નં.


| | | |
|---|---|---|
| પ્રકરણ : ૧ | ધારા સ્થાપિત ગોરક્ષા એક નૈતિક–આધ્યાત્મિક અનિવાર્યતા | ૧ |
| પ્રકરણ : ૨ | ગોરક્ષાને સંસદનો કેન્દ્રિય ધારો બનાવવામાં વચ્ચે આવતા ત્રણ મહાવિઘ્નો | ૧૦ |
| પ્રકરણ : ૩ | કાયદા દ્વારા ''માત્ર હિન્દુઓના ધર્મની મનાતી'' ગોરક્ષાની અયોગ્યતા | ૧૮ |
| પ્રકરણ : ૪ | ભારતના સમવાયતંત્રમાં ગોરક્ષાની બાબતમાં સંસદની સામાન્ય કાયદા દ્વારા માનવામાં આવતી બંધારણીય અક્ષમતા | ૪૦ |
| | ઉપસંહાર | ૪૪ |
| | પરિશિષ્ટ | ૪૮ |

ૐ

# ચિત્રસૂચિ


૧. પરમાત્મન્ શ્રી સત્ – ચિત્ – આત્મન્

૨. અધ્યાત્મ જનની અદિતિ

૩. ઝરથુસ્ત પયગંબર

૪. શ્રી ગુરુદ્વાર, સુવર્ણ મંદિર

૫. શ્રી રામ ભગવાન

૬. શ્રી પૂષાન્ ભગવાન

૭. ગોમાતા અને મુસ્લિમ ધર્મ

૮. માઉંટ સાઈનાઈ

૯. શ્રી ઈશુ ભગવાન

૧૦. શ્રી બુદ્ધ ભગવાન

૧૧. શ્રી સમેત શિખરજી

ॐ

# અધ્યાત્મ જનની અદિતિ




"જેઓમાં સમજ છે તેમને સંબોધીને હું કહું છું કે રુદ્રોની માતા, વસુઓની પુત્રી, આદિત્યોની બહેન અમૃતની નાભિ, આવી નિર્દોષ ગાય કે જે પૃથ્વી સમાન છે તથા દેવોની માતા છે તેનો વધ કરો નહી."

ઋગ્વેદ (૮-૯૦-૧૫)

## પ્રકરણ ૧ લું
## ધારા – સ્થાપિત ગોરક્ષા
## એક નૈતિક – આધ્યાત્મિક અનિવાર્યતા

નિર્દોષ પશુઓની નિઃસીમ હિંસાના પાપોને ઓછાં કરી માનવતાભર્યું જીવન ગાળવા અર્થે અથવા પ્રવર્તમાન આંશિક પ્રલયમાંથી જગત સાંગોપાંગ બચી જવા પામે તે અર્થે અથવા બંધનકર્તા વૈભવયુકત અસત્‌નો ત્યાગ કરી મનુષ્ય તેની માનવોચિત આધ્યાત્મિક ઉત્ક્રાંતિરૂપ સત્યયુગનું સંસ્થાપના કરે તે અર્થે - ઉપરની કોઇપણ દ્રષ્ટિએ સર્વ માનવેતર પ્રાણીઓની સામાન્ય બંધારણીય રક્ષા એક પાયાની આવશ્યકતા બની ગયેલ છે.

નિર્દોષ જીવોની આ ધારા-સ્થાપિત સમરક્ષાના વ્યવસ્થિત કાર્યક્રમના **પ્રથમ ભાગરૂપે** તેમજ **અન્ય પ્રાણીઓના ભોગે નહીં તેવી, ગાયની તાત્કાલિક રક્ષા,** સર્વ દ્રષ્ટિએ આવશ્યક છે, એટલું જ નહીં પરંતુ **આધ્યાત્મિક દ્રષ્ટિએ અનિવાર્ય છે.**

સંસ્કૃત 'ગો' શબ્દના વિસ્તૃત પર્યાયોમાં ઘણા અગત્યના અર્થોમાં વ્યાકરણ સાથે સંકળાયેલ એક વિશિષ્ટ અગત્યનો અર્થ શરૂઆતથી જ ખ્યાલમાં હોવો જરૂરી છે. આ સંદર્ભમાં જયારે 'ગો' શબ્દનો અર્થ એકવચનમાં 'ગાય' થાય છે, ત્યારે બહુવચનમાં સઘળી જાતનાં 'ઢોરો' અથવા Cattle થાય છે. ઉદાહરણ તરીકે **શ્રી બ્રહ્મપુરાણમાં** આવતા **''कृशातुराः गावः पाल्याः मातृपितृवत्''** (નબળાં  તથા માદાં ઢોરોની પોતાના માતાપિતા જેમ માવજત

કરવી જોઈએ)આ એક જ વાકયના મનન પરથી ખ્યાલ આવશે કે હિન્દુ સત્-ધર્મ માત્ર ગાયની રક્ષા પૂરતો જ નથી, પરંતુ સઘળાં ઢોરોને સમભાવે આવરી લે છે. એ જ પ્રમાણે વેદમાં આવતી નીચેની પંકિતઓ :

**मा हिसीस्तवा प्रजा: ा यजुर्वेद १२.३२ ा**

**अश्वं ......मा हिंसी: ा यजुर्वेद १२.४२ ा**

**अविं.......मा हिंसी: ा यजुर्वेद १२.४४ ा**

**इमं मा हिंसीर्दि पदं पशुम् ा यजुर्वेद १२.४७ ा**

**मा हिंसी: पुरूषम् ा यजुर्वेद १६.३ ा**

**मा हिं सिष्टं द्विपदो मा चतुष्पद: ा अथर्व वेद ११.२१ ा**

પરથી તારવી શકાય કે આર્યોના મૂળ વેદ અથવા તેની વહેંચાય ગયેલ ઋચાઓ કે જેમાં ગર્ભવિલોપનના નિષેધથી શરૂ કરી મનુષ્ય તથા પક્ષીઓ જેવાં દ્વિપાદ પ્રાણીઓને તથા ઘેટાં, બકરાં તથા ગાય જેવાં ચતુષ્પાદ પ્રાણીઓને મારો નહીં, ઇજા કરો નહીં ; તેમજ ''કોઈપણ પ્રાણીને મારો નહીં ઈજા કરો નહીં'' ના નક્કર પાયાપર રચાયેલ છે.

આ પરથી સ્પષ્ટ થશે કે માનવેત્તર સઘળાં પ્રાણીઓની રક્ષાને સતત દષ્ટિ સમક્ષ રાખી, ગાયની રક્ષાથી શરૂ થતો અને પશુ તથા નરબલિની પ્રથા સામે બન્ને જાતિનું રક્ષણ કરતો, હિંદુ સનાતન સત્-ધર્મ પ્રથમથી જ વ્યાપક અહિંસાનો પ્રવર્તક છે. સંક્ષિપ્તમાં **આર્યોનો દયાધર્મ** અહિંસાના પાલન, **પવિત્ર** ગાય અર્થેજ નહીં, **ઉપયોગી** ઢોરો અંગે જ નહીં પરંતુ **પ્રાણીમાત્ર માટે** એકધારી રીતે ઉપદેશે છે. આ કારણે જ ગાયનું સ્થાન આર્યધર્મોમાં સમાનપણે ઉજજવલ છે.

એટલે જો કે ગોરક્ષાનો કાયદો **સમભાવયુકત અહિંસાના સમાવર્તી સિધ્દાંત** પર જ સ્થપાવો યોગ્ય છે તો પણ **ગાયની સાહજીક વિશેષતા – પવિત્રતાની ઉપેક્ષાથી તો ગાય માત્રની જ નહીં પરંતુ સઘળાં નિર્દોષ પ્રાણીઓની હિંસાને ''जीवो जीवस्य जीवनम्'' રૂપ નિસર્ગના સહજ સ્વભાવમાં ઘટાવી, મનુષ્ય પોતાની ઉચ્ચ પ્રકૃતિને ભૂલી જઈ, આ મહાહિંસાના સતત પાપમાંથી પોતાને કદી પણ મુકત કરી શકશે નહીં.** આથી કરી ગાયની સ્વાભાવિક પવિત્રતા તથા તેના પ્રત્યેના વાસ્તવિક આદરનો આછો ખ્યાલ સર્વ કોઇને હોવો આવશ્યક છે.

## ગાયની પવિત્રતા

ઈતિહાસના ઉષસ્ કાળથી આર્ષદષ્ટિયુકત મહાત્માઓ તથા સૂક્ષ્મદષ્ટિસંપન્ન લોકોએ જુદે જુદે સમયે ગાયનાં ભિન્ન ભિન્ન દિવ્ય સ્વરૂપોનાં દર્શનો કરેલ છે. દષ્ટાંત તરીકે પાંચ હજાર વર્ષ પૂર્વે **પ્રાચીન મિસરના** લોકોએ ગાયને નિરાકાર સ્વરૂપે સૂર્યદેવ 'રા' ની માતા આકાશ દેવી, સાકાર સ્વરૂપે દેવી 'હેથોર' નું જીવંત પ્રતીક તથા વિરાટ સ્વરૂપે સમગ્ર પૃથ્વી પર ઊભેલ અનંત આકાશને આવરી લેતી ગાયનાં વિવિધ દર્શનથી પ્રભાવિત થઈ, ઉચ્ચ જીવનની પ્રેરણા મેળવેલ છે. (જુઓ **વિશ્વધર્મનો જ્ઞાનકોષ**, વર્જિલિયસ ફર્મ, ૧૯૪૫ પૃ. ૩૨૫) અને શાકાહારી બની, ધાન્ય ઉગાડી શુધ્ધ ધાર્મિક જીવન ગાળી, માનવેત્તર જીવો પ્રત્યેની કરુણાનો આદર્શ જગતને બતાવેલ છે. (જુઓ **લાઈફ એન્ડ હેલ્થ**, ૧૯૭૩, ભાગ-૧, આ. ૨, પૃ. ૭).

**હિંદ તથા ઈરાનના આર્યો** પણ ગાયને પવિત્ર તથા પૂજય માનતા અને ઋગ્વેદ તથા ઝેંદ અવેસ્તામાં આવતી અનેક ઋચાઓ

ગાયનું ઉચ્ચ સ્થાન અત્યંત સુંદર રીતે વર્ણવે છેઃ

''આદિત્યોની માતા તથા વસુઓની પુત્રી,
પંચજનોના પ્રાણ તથા અમૃતની નાભિ,
પૂજા માટે મિષ્ટ, સોનેરી માખણ આપતી ગાય
મર્ત્યોમાં પ્રકાશ તથા પ્રાણશકિતરૂપે વિચરે છે.''

(અથર્વવેદ ૯-૧-૪)

''જીવન ધારણ કરતી વખતે તેમજ હંમેશ,
હે ગાય હું તારી અર્ચના કરું છું.
તારી ખરીઓ તથા (બ્રહ્મ) પુચ્છને હું નમું છું.
તેમજ તારા પાવનકારી સ્વરૂપને પૂજું છું.''

(અથર્વવેદ ૧૧-૫-૧)

પારસીઓના **ઝરથોસ્તી આર્યધર્મમાં** પવિત્રતાની દષ્ટિએ ગાયનું સ્થાન ખૂબજ ઊંચું છે. અવેસ્તામાં આવતા 'ગો' શબ્દના અર્થ 'ગાય' ઉપરાંત તેની સાથે સંકળાયેલ 'પૃથ્વી', 'પ્રાણીમાત્ર' તથા વિશ્વના પ્રાણ' થાય છે, જે સંસ્કૃત ભાષામાં પ્રચલિત 'ગો' શબ્દના જ પર્યાયો છે. **યશ્ન** તથા **વંદિદાદમાં** વર્ણવેલ ગાય વિષેના શ્લોકો ગૌ-મહિમા, ગાય પ્રત્યેની ભાવના તથા સાહિત્યની દષ્ટિએ અપ્રતિમ સ્થાન ધરાવે છે. દષ્ટાંત તરીકે,

'પૃથ્વીનાં જીવનનો આત્મા ગાયના રૂપમાં સર્વશકિતમાન પરમેશ્વર પાસે ગયો અને પોતાના દુઃખનું વર્ણન કરી એક રક્ષકની માંગ કરી, ત્યારે પરમેશ્વરે મહાન ગુરુ ઝરથુસ્તને ઈરાન માં જન્મ લઈ ગાયનો આદર સ્થાપવા મોકલ્યા.' (**યશ્ન** ૨૯-૧).

'જયાં ગાયો ચરે છે અને તેમને સુરક્ષિતપણે પાળવામાં આવે છે ત્યાં પૃથ્વી પ્રસન્ન રહે છે અને જેઓ ગોચર ભૂમિને

ॐ

# શ્રી જરથોસ્ત પયગંબર



"પૃથ્વીના જીવનનો આત્મા ગાયના રૂપમાં સર્વ- શકિતમાન પરમેશ્વર પાસે ગયો અને પોતાના દુઃખનું વર્ણન કરી એક રક્ષકની માંગ કરી, ત્યારે પરમેશ્વરે મહાન ગુરુ જરથોસ્તને ઈરાનમાં જન્મ લઈ ગાયનો આદર સ્થાપવા મોકલ્યા." (યસ્ન ૧૯)

સ્મશાનવત્ બનાવી દે છે તેમને પૃથ્વી શાપ દે છે.' (**વંદીદાદ-અ.૩**)

ઝરથુસ્ત ભકતોને કહે છે, ''ગાયની સેવામાં જે ધ્યાન આપતા નથી તે પરલોકગમન બાદ નરક અથવા અસત્યલોકમાં જાય છે. (**યશન** ૫૧-૧૪)

મોનીએર વિલિયમ્સના બતાવ્યા પ્રમાણે ગાયની પવિત્રતા તથા પૂજ્યતાની બાબતમાં **શીખ ધર્મ** હિંદુથી પણ આગળ છે. (**હિંદુ ધર્મ** અને **બ્રાહ્મણ ધર્મ**, ૧૯૮૧, પૃ. ૧૭૩).

**બૌદ્ધ ધર્મમાં** ગાય વિષે ભગવાન બુદ્ધનું વાકય ''ગોમાંસ ખાવું તે પોતાની માતાનું માંસ ખાવા તુલ્ય છે.'' (**લોકનીતિ-૭**) ગાય પ્રત્યેની કૃતજ્ઞતા સાથે તેના માતૃત્વની અનુપમ ભાવનાનું એક આદર્શ ઉદાહરણ છે. જો ગાય એક સામાન્ય પશુ જ હોત તો તથાગત બુદ્ધ ભગવાને પોતાનું મંતવ્ય આટલી કડક ભાષામાં દર્શાવ્યું ન હોત, કારણ કે કૃતજ્ઞત્તા તો બધાં દૂઝણાં ભારવાહક તથા ઊન આપતાં પશુઓ પ્રત્યે પ્રકૃતિના કારણે તેઓ માટે અશકય બને ત્યારે પણ હોવી જ જોઇએ.

આ પ્રમાણે ભૂતકાળમાં જેમ સુજ્ઞ આર્યોએ ગાયની સ્વાભાવિક સાત્ત્વિકતા તથા સહજ ઉપકારકતાને લીધે તેને માતૃવત્ ગણી આદર આપેલ છે અને તેનાં દિવ્ય દર્શનોને લીધે પૂજેલ છે, તેવી જ રીતે હજુ પણ ભાવિક લોકોને ગાયના શરીરમાં સ્વર્ગના દેવોના પ્રકાશમાન આત્માઓની થતી ઝાંખીઓ તથા ગૌભકતોને ગોલોકની અધિષ્ઠાત્રી **અદિતિનાં** થતાં અલૌકિક દર્શનોથી કૃતાર્થ થઈ, તેઓ ગૌ-સેવાનાં નિષ્કામ કાર્યમાં નિરંતર રત રહે છે.

ॐ

# શીખોનું સુવર્ણ મંદિર




ब्राह्मण गाई वंसधात अपराध करारे
बिस्वास ध्रोही अकिरतभण पापी हतिआरे
–श्री गुरदासजी वार ३४ पउडी १६

(ગા વિશ્વકી મા, પિન્ડીદાસ જ્ઞાની,૧૯૬૭,પૃ, ૭૪)

**આર્યો ગોરક્ષાને ધર્મનું એક અનિવાર્ય અંગ ગણે છે,** જેનું પ્રમાણ ઈશ્વરના અવતારોના અવતારી પ્રયોજનો તથા પયગંબરોના મુખ્ય કાર્યોમાંથી મળી આવે છે. દષ્ટાંત તરીકે

શ્રી રામ : **विप्र धेनु सुर संत हित, लिन्ह मनुज अवतार,**
**निज इच्छा निर्मित तनु, माया गुन गो पार।**

શ્રી કૃષ્ણ : **नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च।**
**जगत् हिताय कृष्णाय गोविन्दाय नमो नमः।** તથા

શ્રી બુદ્ધ ભગવાનનો ગોરક્ષા અર્થેનો અનુરોધ તેમજ ગાયની રક્ષા તથા આદર માટે શ્રી ઝરથોસ્ત પયગંબરના પૃથ્વી પરના જન્મનો યશ્ન ૨૯(૧) માં વર્ણવેલ હેતુ.

આર્ય ઋષિઓએ તો ગાયને પવિત્ર માત્ર નહીં, પરંતુ પાવન કરનારી ગણી **'પાવની'** કહેલ છે. સંસ્કૃત શબ્દકોષમાં 'પાવની' શબ્દનો અર્થ તુલસી, ગંગાજી તથા ગાય થાય છે, **જે પરથી ગાયની સહજ પવિત્રતાનો ખ્યાલ આપો આપ આવી જશે.**

વાસ્તવમાં, દુન્યવી ક્ષેત્રે કુશળતા ધરાવતા લોકો, પછી ભલે તેઓ બૌદ્ધિક, વૈજ્ઞાનિક, ઔદ્યોગિક કે રાજકારણમાં નિપુણ હોય તો પણ તેમને માટે સદ્ધર્મનું આ સૂક્ષ્મ તત્ત્વ સંપૂર્ણપણે સમજવું શકય નથી, એટલે નિર્દોષ પ્રાણીઓ તથા ગાયો પર થતી ક્રૂરતા તથા અમાનુષી હિંસા અને દેશ પર આવતી આપત્તિઓ વચ્ચેનો સંબંધ તેઓ જોઇ શકે નહીં. આવો સૂક્ષ્મ સંબંધ તો **આધ્યાત્મિક આર્ષદષ્ટાઓ** જ જોઇ શકે.

જેણે પોતાનું જીવન ગૌરક્ષા અર્થે જ ટકાવી રાખેલ છે (જુઓ **ગોધન** ફેબ્રુઆરી ૧૯૮૧, પૃ. ૨), તેવા એક આર્ષદષ્ટા વૃંદાવનના સુવિખ્યાત વયોવૃદ્ધ સંત શ્રી **દેવરહાબાબા** છે, જેમણે

ॐ

## દંડકવન-જન પાવન રામ



''વિપ્ર, ધેનુ, સુર, સંત હિત, લીન્હ મનુજ અવતાર
નિજ ઈચ્છા નિર્મિત તનુ, માયા ગુન ગો પાર.''

૧૯૭૯ના એપ્રિલ માસમાં ગૌરક્ષાની બાબતમાં ઉચ્ચારેલ શબ્દો એક કથન માત્ર નથી, પરંતુ **આર્ષદષ્ટા સંતની ભવિષ્યવાણી છે :**

**''જો જનતા સરકાર પણ ગૌરક્ષાના કલંકને મિટાવવા આનાકાની કરશે તો તેનું પરિણામ દેશ માટે દુઃખદ આવશે.''**

(ગુજરાત સમાચાર તા. ૭-૪-૧૯૭૯)

આ આધ્યાત્મિક સત્યને મહાભારતમાં પુરાતન ઈતિહાસ રૂપે આવતું વિચખ્યુ રાજાનું દષ્ટાંત સારી રીતે સમજાવે છે. યજ્ઞવાટમાં ગાયોનો વિલાપ સાંભળી દયાર્દ્ર થઇ આ રાજાએ ગાયોને અભય આપી મુકત કરી - **स्वस्ति गोभ्योस्तु लोकेषु** । એટલે જો અન્ય લોકો આવા અસંખ્ય પશુઓનો વિલાપ સાંભળી શકતા ન હોય તો તેનો અર્થ એ નથી કે ઉચ્ચ કોટિના સંતો પણ તેને અનુભવતા નથી.

હવે જયારે પાશ્ચાત્ય લોકોએ જેણે છેલ્લાં કેટલાંક વર્ષોથી પાપની માન્યતાને સામાન્ય મૂક મતૈકય વ્દારા તિલાંજલિ આપેલ હોવા છતાં તેઓ અનિષ્ટ કર્મોના વિપાકથી ઉત્પન્ન થતી મનની અંધકારમય કલુષિતતાને દૂર કરી શકયા નથી, ત્યારે પશ્ચિમની સંમોહનકારી અસર નીચે આવેલ ભારતના લોકોએ સમજવું જોઇએ કે જેમ ગુરુત્વાકર્ષણના ભૌતિક - વૈજ્ઞાનિક નિયમને નહીં માનવાથી તે નષ્ટ થતો નથી તેમ કર્મના નૈતિક મહાનિયમમાં નહીં માનવા માત્રથી તેની મન પરની અસર વિલીન થતી નથી.

અનુભવ અવ્દૈતના **ઉત્કૃષ્ટ** ગ્રંથ **શ્રી રામગીતામાં** બતાવ્યા પ્રમાણે ''કરેલાં શુભ અથવા અશુભ **કર્મોનાં** ફળો અવશ્ય ભોગવવા જ પડે છે, ફળો ભોગવ્યા વિના કર્મોનો કરોડો કલ્પો સુધી પણ ક્ષય થતો નથી.'' (શ્રી રામગીતા ૧૦-૧૨). હવે જયારે સામાન્ય વિજ્ઞાન પ્રત્યેક ભૌતિક ઘટના અથવા પરિણામ

પાછળ રહેલ એક સ્થૂળ અથવા સૂક્ષ્મ કારણ સ્વીકારે છે ત્યારે બાહ્ય જગતમાં બનતા છતાં અંતર મનને સ્પષ્ટપણે સ્પર્શતા બનાવો પાછળ સ્થૂળ અથવા સૂક્ષ્મ કારણો હોવાં જોઇએ તે સ્વીકારવુંજ પડે. એટલે કર્મના આ કાર્ય - કારણના નિયમના અનુસંધાનમાં જગતભરમાં વિવેકવિહીન વૈભવાહાર, ક્રૂરતા - આવરિત રોગ - ઔષધ - સંશોધન તથા મિથ્યા સૌંદર્યાર્થે થઈ રહેલ નિર્દોષ પશુઓની ઘોર હિંસાજ પૃથ્વી પર આવતી અથવા આવી રહેલ પ્રલયકારી આપત્તિઓનું મુખ્ય કારણ છે તે સ્પષ્ટ થાય છે.

આ પરથી જોઈ શકાશે કે શ્રી દેવરહાબાબા જેવા સંતના ગંભીર કથનની અવગણનાને લીધે, સારોએ દેશ અનિષ્ટ પરિણામોનો અનુભવ એક અથવા બીજી રીતે કરીજ રહેલ છે. આમ છતાં આ સૂક્ષ્મ વિષય સામાન્ય રીતે સ્થૂળ દષ્ટિથી સમજી શકાય તેવો નહીં હોવાથી અંતિમમાં તો માનવ જાતિએ સત્–ધર્મના પાલન સાથે પોતાની અંદરજ રહેલ ઉચ્ચ તત્ત્વનો આશ્રય લઇ, આવશ્યક આધ્યાત્મિક અનુભવ હ્વારા આ ગહન સત્યને સમજવાનું રહે છે, પરંતુ હાલના વિષમ સંજોગોમાં તો જેવી રીતે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અણુવિભાજનની પદ્ધતિ જાણતા જર્મની સામે યુ.એસ.એ. ટકી શકે તે અર્થે જયારે આઇન્સ્ટાઇને અમેરિકન વૈજ્ઞાનિકોને પોતાને પર થકી આવેલ $E= MC^2$ (ફોર્મ્યુલા) બીજસૂત્ર પર અવલંબી અણુ-વિસ્ફોટનની યોજનામાં આગળ વધવા કહ્યું ત્યારે એક ગણિતશાસ્ત્રીને પર થકી આવેલ ફોર્મ્યુલા પર આધાર રાખી આગળ વધવા અનિચ્છા ધરાવતા વૈજ્ઞાનિકોએ પ્રથમ તેને નહીં સ્વીકાર્યા છતાં, અંતિમમાં **આપ્તજનનો શબ્દ** ગણી અપનાવવીજ

પડેલ, તેવીજ રીતે રાજકારણનિપુણ મનુષ્યોએ પણ **આર્ષદષ્ટા સંતની સર્વતોભદ્ર શુભવાણીમાં વિશ્વાસ રાખી** અગત્યના નિર્ણયો લેવા જ પડશે અથવા સારાએ દેશને પ્રલયકારી આપત્તિઓના અનિષ્ટ પરિણામો ભોગવવાનાં રહેશે.

## પ્રકરણ ૨
## ગોરક્ષાને સંસદનો કેન્દ્રિય ધારો બનાવવામાં વચ્ચે આવતાં ત્રણ મહાવિઘ્નો.

ઉપરના આ વિષયને કેન્દ્રિય ધારો બનાવવામાં ગોરક્ષા વિરોધી પક્ષની ત્રણ દલીલો હિમાલય જેવી અભેદ્ય દિવાલરૂપ બની ગયેલ હોવાથી તેમનું સૂક્ષ્મ અવલોકન તલસ્પર્શી પૃથ્થકરણ તેમજ સંપૂર્ણ નિરાકરણ, આ ગંભીર સમસ્યાના તાત્કાલિક ઉકેલમાં અનિવાર્ય રીતે આવશ્યક છે.

૧. વેદોમાં આવતા ગાયના બલિના સંદર્ભો તથા તેના અભક્ષ્યના તે કાળમાં થતા આહારનો ટાંકવામાં આવતો ઐતિહાસિક આધાર.

૨. કાયદા દ્વારા માત્ર હિંદુઓનાં ધર્મની મનાતી ગોરક્ષાની અયોગ્યતા.

૩. ભારતના સમવાયતંત્રમાં ગોરક્ષાની બાબતમાં સંસદની સામાન્ય કાયદા દ્વારા માનવામાં આવતી બંધારણીય અક્ષમતા.

## વેદોની ભીતરમાં
### આર્યોનો સર્વજીવ-રક્ષક સત્-ધર્મ - કરુણાત્મક અહિંસા

''બધાં શસ્ત્રો ખાંડ તથા રેતી અથવા સત્
તથા અસ્તનાં મિશ્રણ બની ગયેલ છે.''

સત્યયુગ-ધારિન્ શ્રી રામકૃષ્ણ પરમાત્માન્

ૐ

# ઋગ્વેદિક આર્યદેવ શ્રી પૂષન્
# પશુપાલક તથા રક્ષક



★બૃહદાત્મક માનવતા★

વેદો તથા તેમના પરની ટીકાઓ–બ્રાહ્મણો, આરણ્યકો તેમજ આ વિષય સાથે સંબંધ ધરાવતાં કેટલાંક ઉપનિષદોનો તુલનાત્મક અભ્યાસ એક અત્યંત અગત્યની વિસ્મયજનક હકીકત પ્રગટ કરે છે, જે એ છે કે કેવળ આર્યોનાજ મનાતા વેદોના આ વિશાળ સાહિત્યમાં ઉચ્ચ આધ્યાત્મિક આદર્શો સાથે હિંસાત્મક મેધો તથા તેને અનુસરતાં વિધિ-વિધાનો, હલકી કોટીના દુન્યવી વ્યવહારો તેમજ નિમ્ન પ્રકૃતિ-તોષક પ્રથાઓ વિદ્યમાન થાય છે, જે આર્યોના મૂળ ધર્મથી તદ્‌ન વિરુદ્ધ હોવા છતાં **સમગ્ર શ્રુતિ–શાસ્ત્ર ઈશ્વરનો શબ્દ છે તેવી પ્રણાલિકાને કારણે અદ્યપર્યંત આર્યોના ધર્મ તરીકે મનાતો આવેલ છે.** વાસ્તવિકતામાં તો તે આર્યોના આગમન પૂર્વે આ દેશમાં વસતા વિભિન્ન જાતિનાં લોકોનું કેટલીક વિલક્ષણ ઐતિહાસિક ઘટનાઓને કારણે **આર્યોના શાસ્ત્રોમાં મળી ગયેલ એક તદ્‌ન ભિન્ન ધર્મનું પરાયું સ્તર છે.**

પ્રાચીન સમયમાં આ બે જાતિના લોકો, તેમની જીવન પદ્ધતિમાં સામાન્ય સંસ્કૃતિમાં, સામાજિક રીત-રિવાજોમાં ધાર્મિક વિધિ-વિધાનોમાં, મૂળ દેવોના ચારિત્ર્ય તથા સ્વભાવોમાં, યજ્ઞો તથા મેધોના શાંત અથવા હિંસાત્મક સ્વરૂપોમાં, દેવોને અપાતા બલિ તથા પેયોમાં, પુરોહિતો તથા 'જ્ઞાનીઓ'ની રીતભાતોમાં વાસનાચ્છાદિત અંતરિક્ષ તથા સાત્વિક ઊર્ધ્વલોકમાંથી આવતી પ્રેરણાઓ તથા થતાં દર્શનોમાં તત્વજ્ઞાન તથા ધર્મશાસ્ત્રોમાં તેમજ સાહિત્યની ભાષા તથા કલ્પનામાં ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેટલા ભિન્ન હતા.

જયારે એક જાતિની સભ્યતા સંપૂર્ણપણે દુન્યવી હતી પછી ભલે તે ભૌતિક દષ્ટિએ અદભુત પ્રગતિવાન નગરવાસીઓ

ની હોય કે સહજ રીતેજ વિકાસવિહીન (primitive) આદિવાસીઓ (aboriginals) ની હોય ત્યારે આર્ય લોકોની સંસ્કૃતિ સન્નીતિ પર અવલંબતી જાણે અજાણે આધ્યાત્મગામી હતી; જયારે એક જાતિના લોકોની જીવન પદ્ધતિ અમોદ-પ્રમોદ તથા દેહસુખને સર્વસ્વ માનનારી હતી, ત્યારે આર્યોનો જીવન-વ્યવહાર નૈતિકતાના જતનમાં કૃતાર્થતા અનુભવનાર આત્મસંયમી હતો.

જયારે એક જાતિના લોકોના દૈનિક આહાર, તેઓમાં પ્રવર્તતી છ પ્રકારના 'આદરપાત્ર પરોણા'ના કરવા પડતા આતિથ્યની પ્રથા★ તેમજ લગ્ન તથા મરણ વખતની સામાજિક તથા 'ધાર્મિક' વિધિઓ, નિર્દોષ પશુઓના લોહીથી ખરડાયેલ હતી ત્યારે **આર્ય લોકો** આતિથ્યમાં ઉદાત્ત તથા અદ્વિતીય હોવા છતાં **સાદા, શાકાહારી તેમજ અંતરાત્માના અવાજને અનુસરનારા હતા;** જયારે એક જાતિના લોકોના કહેવાતા 'દેવ-દેવીઓ'

---

★ જો કે કેમ્બ્રિજ હિસ્ટરી (અંગ્રેજી, ૧૯૩૫, પૃ. ૮૨) માં આચાર્ય, 'જ્ઞાની', મુખી, શ્વશુર, મિત્ર તથા આર્ય કે જે ફરીથી જન્મેલ છે (એટલે કે જેણે આર્યધર્મનો ત્યાગ કરેલ છે તેવા) છ પ્રકારના અનાર્યોના 'આદરપાત્ર પરોણા'ને આપવા પડતા ગાયના અભક્ષ્યને આર્યોની પ્રથા તરીકે ઘટાવેલ છે, તો પણ વાસ્તવમાં તો તે પારાસ્કરના અવૈદિક ગૃહ્યસુત્રમાં આવતું આર્યપૂર્વેની પ્રચલિત પ્રથા માત્રનું કથન છે.

આજ પ્રમાણે અનાર્યોની મધુપર્ક બનાવવાની સામાજિક પ્રથામાં મેળવવામાં આવતા ગાય અથવા અન્ય પ્રાણીના અભક્ષ્ય માટે જુઓ બૌધાયનનું અવૈદિક ગૃહ્યસૂત્ર (૧,૨,૫૧-૫૪)

પશુભોગ - ભૂખ્યાં, સુરાપાનમાં ડૂબેલ, ક્રોધી તથા હિંસાવૃત્તિ વાળા આસુરી પરિબળો હતાં, ત્યારે આર્યોના દેવો ઉચ્ચ, નીતિ-પ્રધાન, આધ્યાત્મિક કક્ષાનાં ઇશ્વરના સ્વરૂપો હતાં; જયારે એક જાતિના 'ધર્મ'નું હાર્દ પશુબલિયોજક, માંસ-ભક્ષક મેધો હતા, **ત્યારે આર્યોના ધર્મના કેન્દ્રમાં અહિંસક અધ્વરો હતા.**

જયારે એક જાતિના લોકો હિંસક યજ્ઞોમાં અપાતા ગાય તથા બળદ વિગેરે બલિઓને કહેવાતા **'વશાન્'** (ગાયોને ખાનાર) અથવા **'ઉક્ષાન્'** (બળદોને ખાનાર) **અગ્નિમાં** હોમી તેમને ખાવામાં જ જીવનની કૃતાર્થતા માનતા, ત્યારે આર્યોના શાંત, સૌમ્ય યજ્ઞોમાં નાના જંતુઓને પણ યજ્ઞના અગ્નિમાં પડતાં અટકાવવા વેદિની આસપાસ જળની ત્રણ પરિધિઓ રચવામાં આવતી (જુઓ **વૈદિક સંપત્તિ, રઘુનંદન શર્મા,** ૧૯૪૫, પૃ. ૧૨૮) અને ગાયનું ઘી, માખણ, દૂધપાક વિગેરે દેવોને અર્પવાનું હવિષ્ય હતું, જયારે એક જાતિના લોકોએ આર્યોના સાર્વત્રિક અનુસરણને કારણે અપનાવેલ અમાદક સોમછોડના પાનના રસને તેમાં જવ વિગેરેનો આટો ઉમેરી તેનો આથો લાવી સુરા બનાવી દેવોનું પેય ગણી પીતા (જુઓ ગ્રિફિથની 'ઋગ્વેદની ઋચાઓ' (અંગ્રેજી) ૧૯૭૩, ભાગ ૧, પૃષ્ઠ - ૨) ત્યારે આર્યોના દેવોને ધરાવાતું પેય આ નિર્દોષ સોમછોડના પાનનો કેવળ દુગ્ધ - મિશ્રિત રસ હતો.

જયારે એક જાતિના લોકોના પુરોહિતો ગાય સુદ્ધાં ના બલિની વિધિ કરાવી તેનું અખાદ્ય ઈજયા રૂપે લેતા એટલે કે ખાતા તથા તેમના 'જ્ઞાનીઓ' પોતાને પર ગણી કોઈ પણ અભક્ષ્ય લેતાં અચકાતા નહીં, ત્યારે ભગવાન બુદ્ધે બતાવ્યા પ્રમાણે પ્રાચીન

આર્ય બ્રાહ્મણો (પુરોહિતો) આવી વિધિઓથી દૂર રહી બ્રહ્મચર્ય, તપ તથા ત્યાગયુક્ત જીવન ગાળતા. (જુઓ **બુદ્ધચર્યા, રાહુલ સાંકૃત્યાયન** (હિન્દી) પૃ. ૩૪૧)

અનાર્યોના આ મલિન વિદ્યાના હિંસાત્મક મેધોમાં પશુઓ પર સંમોહન થકી મનુષ્યમાં સુષુપ્ત અમાનુષી ક્રૂરતાવૃત્તિને ઉતેજીત કરી આ મૂક પ્રાણીઓ પર અકલ્પ્ય ત્રાસ અપાતો. **गोभिः श्रीणीत मत्सरम्** જેવી ઋગ્વેદ (૯ - ૪૬ - ૪) માં આવતી ઋચાઓ મૂળ અનાર્યોના **અંગીરસી વેદમાંથી** સ્થાનાંતરરૂપ છે. એજ પ્રમાણે નિર્દોષ ગાયમાં પ્રેત તત્ત્વ દાખલ કરી તેને કામધેનુ બનાવવાના અકુદરતી પ્રયોગો પણ આ અંગીરસી અથર્વવેદમાં મળી આવે છે. (જુઓ **અથર્વવેદ** ૮ - ૮ - ૧૩). આ અથર્વવેદનું કેન્દ્ર મલિન વિદ્યાનું હોવાને કારણે **વિષ્ણુશ્રુતિમાં** અથર્વવેદના પ્રાણઘાતક બીજસૂત્રો ઉચ્ચારનારને સાત જાતના હત્યારાઓમાં ગણવામાં આવેલ છે. (જુઓ **મેકડોનેલ, સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ** ૧૯૨૯, પૃ. ૧૯૩) અને આ કારણે જ અથર્વ ઋષિના ઉમેરેલ સ્વસ્તિ-વાચનો છતાં લાંબા કાળ સુધી આર્યોએ અથર્વવેદને અપનાવેલ નહીં. (જુઓ **કૌટિલ્ય અર્થશાસ્ત્ર** (અંગ્રેજી) ૧૯૨૯, પૃ. ૯)

આજ પ્રમાણે આર્યોના અહિંસક **યજ્ઞોનો** મૂળ **અદ્વર્યુ** વેદ નવા-આર્ય (Neo - Aryan) **યાજ્ઞવલ્ક્યના** હિંસાત્મક મેધોના **'કૃષ્ણ'** તથા **'શુકલ'** યજુઓથી તદ્દન ભિન્ન છે.અંતરિક્ષમાંથી આવતી અનાર્યોની મલિન વિદ્યાને પરાત્પરથી આવેલ દિવ્ય વિદ્યા ગણાવી આર્યોના **મૂળ અદ્વર્યુ વેદને ખસેડી** તેની જગ્યા લેતા હાલના યજુર્વેદમાં તો નરબલિના હૃદયદ્રાવક શિરચ્છેદનને એક શિશુના વાળ મુંડનની નિર્દોષ વિધિથી પણ વધુ સાહજિકતા

અપાયેલ છે!

આવા હિંસાત્મક નરમેધો આર્યોના નહીં પરંતુ અનાર્યોના હતા તેનું પ્રમાણ **ઝેનેઇડ રેગોઝિનના** નીચેના ઉદ્ધરણમાંથી સ્પષ્ટપણે મળશે.

''દ્રાવિડ ધર્મોની સર્વોપરી વિશેષતારૂપ નરમેધોની પ્રથા આ પુરાણા લોકોની જુદી જુદી જાતિમાં ઇ.સ. ૧૮૩૫ સુધી અસ્ખલિત અને વ્યાપકપણે ચાલુ રહેલ... આવા હિંસાત્મક મેધો અર્થે નરબલીઓ ખરીદવામાં અથવા પકડી લેવામાં આવતા અને વર્ષમાં બે વખત અને કોઇ ખાસ આપત્તિ સમયે વધુ વખત તેમના ભોગો અપાતા. નૈતિક વિકાસની જે કક્ષાએ આપણે પ્રાચીન આર્યોને પ્રથમ મળીએ છીએ ત્યારે તો આર્યભાવ (Aryan spirit) ને આવી નરબલિની પ્રથાથી વધુ ધૃણાસ્પદ બીજું કંઈ હોઈ શકે નહીં.'' (**ઝેનેઇડ રેગોઝિન, વૈદિક ઈન્ડિયા** (અંગ્રેજી) ૧૯૬૧, પૃ. ૨૯૬).

હવે આ આર્યોના ઉચ્ચ - પ્રકૃતિ - પૂજક વેદધર્મમાં અનાર્યોનો નિમ્ન - પ્રકૃતિ - તોષક અસત્-ધર્મ કઈ રીતે મળી ગયો તે સમજવું જરૂરી છે. ભગવાન ઈશુના ઉપદેશનું હૃદયપૂર્વક પાલન કરનાર તેમજ ધ્યાન તથા મૌન દ્વારા ઇશ્વરનું સાન્નિધ્ય સાધનાર આદર્શ કવેકરો જેવી રીતે સત્તરમી સદીમાં એટલાંટિક ઓળંગી અમેરિકાના પશ્ચિમ દરિયાકાંઠે વસ્યા અને યુ.એસ.એ. માં જે કંઈ સારું છે અથવા હાલ સુધી હતું તેના નૈતિક પાયા સુંદર રીતે નાખ્યા, તેવીજ રીતે નવા સ્થાનની શોધમાં નીકળેલ શાંતિચાહક આર્યો પણ નાની સંખ્યામાં બે ભાગમાં વહેંચાઇ સપ્તસિંધુના ફળદ્રુપ પ્રદેશમાં યાત્રિકોની જેમ આવ્યા - કેટલાક સીધેસીધા તો કેટલાક હિમાલયના મેરુ પ્રદેશમાં અમુક સમય રહીને......

આ આર્યોના હૃદયની વિશાળતા, બુદ્ધિમતા તથા ધાર્મિકતાએ ભારતની પાયાની સંસ્કૃતિ પર એટલી શુભ, સુંદર તથા ઊંડી છાપ પાડેલ છે કે 'આર્યત્વ' અને 'ઉચ્ચ સંસ્કૃતિ' એક બીજાના પર્યાય બની ગયેલ છે. આવી વિસ્મયજનક સંસ્કૃતિથી પ્રભાવિત થઈ થોડાજ સમયમાં ઘણા અનાર્યો આ નાની સંખ્યાની બનેલ આર્ય જાતિમાં દાખલ થયા. (**જુઓ બેનરજી પ્રાક્, પ્રાચીન તથા હિંદુ ભારત** (અંગ્રેજી) ૧૯૪૭, પૃ. ૨૪)

પરંતુ જો કે આ અનાર્યોએ કેટલેક અંશે આર્ય ધર્મના દેવો તથા રીતરિવાજો ગ્રહણ કર્યા તોપણ તેઓ પોતાના મૂળ નિમ્ન - પ્રકૃતિ - તોષક અસત્ધર્મની પ્રથાને સંપૂર્ણપણે છોડી શકયા નહીં. પરિણામે પશુબલિ જેના ધર્મનું હાર્દ છે તથા ઉચ્ચ અનુભવના અભાવે જેના હૃદયમાં ગાય માટે કોઈ સ્થાન નથી તેવા અનાર્યોએ પોતે અપનાવેલ આર્યોના દેવો માટે પણ ગાય સહિત જુદાં જુદાં પશુઓ બલિ અર્થે યોજયાં, જેમની વિગતો મુખ્યત્વે તેમના (અનાર્યોના) અંગીરસી તથા યજુર્વેદમાં વણી લેવામાં આવી. આ નવા અનાર્ય - આર્યોએ મૂળ ઋગ્વેદ તથા સામવેદમાં પણ સગવડ પ્રમાણે આખે આખાં મંડળો તથા પુષ્કળ ઋચાઓ ક્ષેપકરૂપે આરોપ્યાં અને હિંસક યજ્ઞોમાં રત રહેતા રાજાઓની મદદથી આર્યશાસ્ત્ર તરીકે માન્ય કરાવ્યાં અને તેમના આ વેદો પણ ઈશ્વરનો જ શબ્દ છે તેવા આગ્રહ દ્વારા સાર્વત્રિક રીતે સ્વીકારાવ્યાં.

વૈષ્ણવ હિંદુઓનાં કરુણાત્મક સત્ - ધર્મે વેદોના આ મિશ્રિત ધર્મને સ્પર્શ્યા વિના કેવળ વિવેકબુદ્ધિ પર આધાર રાખી વેદજ્ઞાનનું બને તેટલું રક્ષણ કર્યું. પરંતુ અનાર્યોનો આ નિમ્ન - પ્રકૃતિ - તોષક અસત્ - ધર્મ સામાન્ય મનુષ્યને સંમોહિત કરી

વિવેકજ્ઞાનને ખાઈ જનાર તેમજ પવિત્રને અપવિત્ર કરનાર હોવાથી, તેને વેદશાસ્ત્રોમાંથી સંપૂર્ણપણે દૂર કરવો પરમાત્મન્ શ્રી રામકૃષ્ણ ભગવાનના સત્યયુગ સંસ્થાપનના દિવ્ય ઈશ્વરીય કાર્યમાં અનિવાર્ય રીતે આવશ્યક છે.

# પ્રકરણ ૩
# કાયદા દ્વારા
# 'માત્ર હિંદુઓના ધર્મની મનાતી'
# ગોરક્ષાની અયોગ્યતા

સામાન્ય રીતે હિંદુઓનીજ મનાતી ગાયની જીવનરક્ષાની બાબતમાં ''હિન્દના બિનસાંપ્રદાયિક રાજ્યમાં અન્ય ધર્મના લોકોની સંપૂર્ણ સહમતિ વિના ગાયની રક્ષા કાયદા દ્વારા કરાવવી અયોગ્ય છે '' **તેવા મતના પ્રણેતા ગાંધીજી પોતે જ હોવાથી તેમજ તેમની આ દલીલ સર્વ કોઈ કરતું હોવાથી** આ રાજકીય - બંધારણીય ગુંચવણનું નિરાકરણ સંપૂર્ણ વિચારણા દ્વારા હંમેશને માટે થવું અત્યંત આવશ્યક છે.

**ગાંધીજીનાજ શબ્દોમાં :**

''હિન્દુ ધર્મનો ગાયના વધનો નિષેધ હિન્દુઓ માટે છે, જગત માટે નહીં. ધાર્મિક નિષેધ અંતરમાંથી ઉદ્‌ભવે છે. બહારથી કંઈ પણ લાદવું તે બળજબરી છે. આવી બળજબરી ધર્મથી વિરુદ્ધ છે.''

ભારત હિન્દુઓ માત્રનો દેશ નથી. મુસલમાનો, શીખો, પારસીઓ, યહુદીઓ તથા ખ્રિસ્તીઓ જે કોઈ ભારતને વફાદાર રહેવા માગે તેનો છે. જો હિન્દુઓ ગાયના વધ પર ધાર્મિક કારણોસર પ્રતિબંધ મૂકી શકે તો પાકિસ્તાન સરકાર પાકિસ્તાનમાં મૂર્તિપૂજા પર શા માટે પ્રતિબંધ મૂકી ન શકે ? જેવી રીતે શરિયત બિનમુસ્લિમ પર લાદી ન શકાય તેવી રીતે હિન્દુઓનો કાયદો બિનહિંદુઓ પર લાદી શકાય નહીં.''*

---

★એ.બી. શાહ સંપાદિત ગાયની કતલ (અંગ્રેજી) ૧૯૭૯, પૃ. ૧૪ પર ટાંક્યા પ્રમાણે.

ગાંધીજીના આ પહેલાંના ગાયો પ્રત્યેના વિચારો શુભ તથા સહાનુભૂતિયુકત હોવા છતાં તેમની ધારા-સ્થાપિત રક્ષામાં તો તેમનો ઉપરનો આ મત જ એક પૂર્વશરત હોવાથી તેમજ તેમના છેલ્લામાં છેલ્લા કથન ને જ પોતાના અગાઉના વિચારોનું નિર્ણાયક ગણવાનું તેમનું સૂચન હોવાથી **તેમના આ પહેલાના કોઈપણ લખાણનો આધાર લેવાને બદલે, આ ઉદ્ધરણનું સંપૂર્ણ વિશ્લેષણ તથા નિરાકરણ જ ગોરક્ષાના માર્ગને સરળ બનાવી શકશે.**

ગાંધીજીના આ લખાણને ચાર વિભાગમાં વહેંચી શકાય તેમજ દરેક વિભાગનું વ્યકિતગત મુદ્દાઓમાં વિભાજન કરી શકાય: હવે આ બીજા વિભાગ :

**''ભારત હિન્દુ માત્રનો દેશ નથી. મુસલમાનો, શીખો, પારસીઓ યહૂદીઓ તથા ખ્રિસ્તીઓ જે કોઈ ભારતને વફાદાર રહેવા માગે તેનો તે છે.**

આ બીજા વિભાગનું વિશ્લેષણ પ્રથમ કરવાથી સારોએ વિષય સમજવો સરળ બની જતો હોવાથી તેનાથી જ શરૂઆત કરવી ઉચિત છે. એ ખરું છે કે ભારત માત્ર હિન્દુઓનો જ દેશ નથી પરંતુ જૈનો, બૌદ્ધો, પારસીઓ, શીખો, ખ્રિસ્તીઓ, યહુદીઓ, મુસલમાનો, તેમજ જે કોઇ હિંદને વફાદાર રહી પોતાની હિંદી રાષ્ટ્રીયતા (Indian Nationality) જાળવી રાખવા માગતા હોય તેમનો પણ છે. **આ કારણે જ ગોરક્ષાની બાબતમાં અવધ્યતા (Inviolability)ની દ્રષ્ટિએ પ્રત્યેક ધર્મમાં ગાયનું સ્થાન શું છે તે નકકી કરવાનું રહે છે.**

## પૂજ્યતા તથા અદન્યતાનો પારસ્પરિક સંબંધ

**આ અદન્યતાની સંભાવના પાયાની બાબત હોવાથી**

સર્વપ્રથમ તો તેને સંપૂર્ણપણે સમજવી યોગ્ય છે. ઈશ્વરના અવતારો, અથવા વિભૂતિઓની મૂર્તિઓ દ્વારા તે તે સ્વરૂપોનું અને તે સ્વરૂપો દ્વારા ઈશ્વરનું, સતત સાનિધ્ય કેળવી ઈશ્વરનો સાક્ષાત્કાર કરેલ લોકો માટે, મૂર્તિ એક અચેતન પદાર્થ માત્ર નથી પરંતુ પોતાના ઇષ્ટનું ચિન્મય સ્વરૂપ છે, જેનું ખંડન કોઇ પવિત્ર તથા પૂજ્ય માનતા ધાર્મિકજનો માટે ગાયનો દેહ સાહજિક રીતે અદન્ય છે. હવે જો તેઓ પોતાના જ દેશમાં પવિત્રતા તથા પૂજ્યતાના કારણે અદ્યપર્યંત અવધ્ય મનાતી ગાયનો વધ થવા દે તો ગાયની પવિત્રતા તથા પૂજ્યતાની ભાવના જ છેલ્લા કેટલાંક વર્ષોથી બનેલ છે તેમ લુપ્ત થઈ નષ્ટ થઇ જાય.

એટલે અહીં પૂરતું એટલું સ્મૃતિમાં રાખવું જરૂરી છે કે **પૂજ્યતા તથા અદન્યતા એકજ સિક્કાની બે બાજુઓ હોવાથી** ગાયની પવિત્રતા તથા પૂજ્યતામાં માનતા લોકો માટે તેની અદન્યતાને જુદી પાડવી અશકય છે.

**વિશેષાત્મક અદન્યતા (**inviolability**) તથા નિર્દોષ જીવોની અહિંસા (**non-violence**) ના સંદર્ભમાં**

## જુદા જુદા ધર્મોમાં ગાયનું સ્થાન

ગાયની આ અદન્યતા ઓછામાં ઓછી પાંચ હજાર વર્ષ જૂની છે. અગાઉ બતાવ્યા પ્રમાણે પ્રાચીન **મિસરના** લોકોને થતાં દર્શનોને આધારે તેઓ ગાયને પવિત્ર ગણી પૂજતા તેમજ પૂજ્ય માની અદન્યા ગણતા. ગાયને, ઘાતકી લોકોના ત્રાસ તથા હિંસામાંથી બચાવી રક્ષા કરવી તેને તેઓ એક ધાર્મિક કર્તવ્ય માનતા. ગાયની આ અદન્યતા તેના પ્રત્યેના પૂજ્ય ભાવમાં ઓતપ્રોત થઈ ગયેલ હોવાથી તે સ્વાભાવિક રીતે જ એક માનવધર્મ બની ગયો, જેને આધારે અન્ય માનવેતર જીવો પણ

આ અહિંસાના વિસ્તરતા તરુનો આશ્રય લઈ સામાન્ય રીતે આ પૃથ્વીરૂપી ગ્રહને પોતાનો જ ઈલાકો માનતા મનસ્વી મનુષ્યોની વચ્ચે થોડી ઘણી શીતળતા અનુભવી શકે છે.

પ્રાચીન હિંદ તથા ઈરાનના **આર્યો** ગાયને પવિત્ર, પૂજ્ય તથા અદન્યા માનતા. ઋગ્વેદ તથા ઝેંદ અવેસ્તામાં આવતી ગાયની મૂળ ઋચાઓ આ વસ્તુની સુંદર ભાષામાં સાક્ષી પૂરે છે :

‘‘રુદ્રોની માતા, વસુઓની પુત્રી,
આદિત્યોની બહેન, તથા અમૃતની નાભિ,
**જેમનામાં સમજ છે તેમને સંબોધીને**
**હું પુકારીને કહુ છું કે આવી નિર્દોષ ગાયનો**
**વધ કરશો નહીં. ’’**

(ઋગ્વેદ ઙાર૮ા૩)

અગાઉ જોઈ ગયા પ્રમાણે પારસીઓના ઉચ્ચ નૈતિક **ઝરથોસ્તી ધર્મમાં** તો ગાયની અદન્યતા, આદર તથા રક્ષા અર્થે અધિકાધિક સંભાળ બતાવેલ છે. દષ્ટાંત તરીકે ઝરથોસ્ત પયગંબરે તો ખુલ્લે ખુલ્લું કહ્યું છે કે ‘‘ધર્મ તથા ગૌરક્ષાના વિરોધીઓના હાનિકારક પ્રયાસોને નિષ્ફળ બનાવવા ઈશ્વરના સાચા ભકતોએ સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ.’’

**(યશ્ન – ૪૦)**

મોનિએર વિલિયમ્સના બતાવ્યા પ્રમાણે **શીખો ગાયની હત્યાને એક મહાન ગુન્હો ગણે છે. (હિંદુ ધર્મ અને બ્રાહ્મણ ધર્મ,** ૧૯૮૧, પૃ. ૧૭૩). બ્રિટિશ લેખક મેકસ મેકોલિફે તેના **શીખ ધર્મ** નામના પુસ્તકમાં દિલ્હીના બાદશાહ મહમદ (૧૩૨૫-૫૧) બિન તઘલકે એક ગાયને મારી સંત નામદેવને સવાર સુધીમાં તેમના ઇષ્ટ દ્વારા તેને પુનર્જીવિત કરાવવા અથવા શિરચ્છેદ માટે તૈયાર

રહેવાના કરેલ ફરમાનના જવાબમાં પરમાત્મા શ્રી કૃષ્ણ ભગવાને નામદેવના ઇષ્ટ વિઠ્ઠલ ભગવાન સ્વરૂપે **પ્રકટ થઇ ગાયને સજીવન કરી સંત શ્રી નામદેવને અભય આપ્યાની ઐતિહાસિક ઘટનાને** અંગ્રેજી કાવ્યના સ્વરૂપમાં શબ્દબદ્ધ કરેલ છે. (જુઓ **મેક્સ મેકોલિફ, શીખ ધર્મ**, ૧૯૦૯, ભાગ ૬, પૃ. ૨૮-૨૯)

**બૌદ્ધ ધર્મમાં તો ભગવાન તથાગતના ''ગાયનું માંસ ખાવું તે પોતાની માતાના માંસ ખાવા તુલ્ય છે.''** તેવા કથને ગાયની અદન્યતા પર જે ભાર મૂકેલ છે તે નૈતિક તંદ્રામાં ડૂબેલ જગતને ગાય પ્રત્યેની કર્તવ્યતા તથા કૃતજ્ઞતાનું એક આંચકા સાથે ભાન કરાવી જગાડી દેનાર છે.

મહાભારતના મહાવાક્ય '' **अहिंसा परमो धर्म** '' ને વ્યકિતગત તથા સામૂહિક જીવનમાં મૂર્તિમાન કરતો **ભગવાન મહાવીરનો જૈન ધર્મ** અહિંસાની બાબતમાં સર્વ ધર્મોના કળશરૂપ છે. **ગૌવધ અટકાવવા જૈન સાધુઓના અનશન બતાવી આપે છે કે ગાય અવધ્યજ હોવી જોઇએ.**

મિસરના પાંચ હજાર વર્ષના પ્રાચીન ધર્મની સરખામણીમાં તેરસો વર્ષના અર્વાચીન **ઇસ્લામ ધર્મને** તપાસીએ તો તેમાં પણ સ્થાપિત હિતોએ હીન રીતે ઊભી કરેલ ગેરસમજ છતાં વાસ્તવિકતામાં તો **મહમદ પયગંબરે એલિશાને આપેલ ઉપદેશજ ઇસ્લામનો ગાય અંગેનો સાચો ધર્મ છે તેમજ ગાયની અદન્યતાનું પ્રમાણ છે :**

''ગાયનું દૂધ આરોગ્ય છે, ગોમાંસ રોગ છે, ગાયનું માખણ ઔષધ છે, ગાયનું દૂધ રોગનો ઉપચાર છે તથા આરોગ્યની પુનઃપ્રાપ્તિનું સાધન છે.''

**–મહમદ પયગંબર (નાશિયાત હાદી)**

ॐ

''જગત ગાયના એક શિંગડા પર ટકી રહેલ છે.''
ઈસ્લામી પ્રણાલી'




ગાયનું દૂધ આરોગ્ય છે, ગૌમાંસ રોગ છે; ગાયનું માખણ ઔષધ છે, ગાયનું દૂધ રોગનો ઉપચાર છે, તથા આરોગ્યની પુનઃપ્રાપ્તિનું સાધન છે.''

–શ્રી મહમદ પયગંબર                    નાશિયાત હાદી

ङ्ग'गाय का गोस्त मर्ज है, उसकी दूध सफा है और उसका घी दवा है।''

(કુરાન-તુલ્ય, ઈસ્લામ ધર્મના સારરૂપ ગ્રંથ)

ઈહ્ય ઉલમ અલ-દિન                    –અલ ગજાલી સાહેબ

ङ्ग'न तो कुअरान और न अरबकी प्रथा ही गौकी कुरबानी का समर्थन करती है।''

–હકીમ અજમલખાન સાહેબ

આ પછી લગભગ ૫૦૦ વર્ષ બાદ લખાયેલ **અલ ગજાલી સાહેબનો** ઇસ્લામ ધર્મના સારરૂપ **ઇહ્ય ઉલુમ અલ–દિન** નામનો અરબી ગ્રંથ કે જેને કુઅરાન જેટલોજ પ્રમાણભૂત ગણવામાં આવે છે તે પણ ગાય વિષે શ્રી મહમદ સાહેબની ઉપરની પ્રણાલીનું જ પ્રતિપાદન કરે છે :

**''गायका गोस्त मर्ज है, उसका दूध सफा है**
**और उसका घी दवा है** ।''

(જુઓ **અલ ગજાલી, મજાકુલ આરફિન** (ઉર્દૂ) ૧૯૫૫, પૃ. ૨૩)

વળી હિંદુ અથવા ઝરથોસ્તી ધર્મમાં આવતા ગાયના એક પર્યાય 'જગતી' ને યાદ કરાવતી **''જગત ગાયના એક શિંગડા પર ટકી રહેલ છે.''** તેવી ઇસ્લામી કહેવતને ખ્યાલમાં લેતાં એટલું અવશ્ય ફલિત થાય છે કે **વાસ્તવમાં ઇસ્લામ ધર્મ ગાયને સાત્વિક** (ગાયનું દૂધ આરોગ્ય તથા રોગનો ઉપચાર છે), **આદરણીય** (જગત ગાયના એક શિંગડા પર ટકી રહેલ છે) **તેમજ અદન્યા** (ગોમાંસ રોગ છે) **માને છે.**

આ પરથી જોઈ શકાય  કે હેમીટને કરેલ **હિદાયતના** અંગ્રેજી ભાષાંતરમાં આવતી **બક્ર ઇદ પર** ''એક મુસલમાને એક બકરાની અથવા સાત મુસલમાનો વચ્ચે 'એક ગાય અથવા એક ઊંટની કુરબાની' ની બાબતમાં **ગાયનો વિકલ્પ કેવળ ક્ષેપક જ હોઈ શકે કારણ કે.**

૧. **'હદીસ'** નો શબ્દકોષ અર્થજ 'મહમદ સાહેબે પ્રસંગોપાત કહેલ વચનો અથવા ફરમાનોનો સંગ્રહ' થાય છે, જે ''ઇસ્લામ ધર્મનો સ્મૃતિગ્રંથ' છે. એટલે **મહમદ સાહેબનાં વચનો જ મુસલમાનોની ધાર્મિક પ્રથાની આધારશીલા હોવાથી, ગાયની કુરબાનીની પ્રથા**

**મહમદ સાહેબના ઉપદેશ તથા વચનોથી વિરુદ્ધ કદી પણ ઉદભવી શકે નહીં.**

૨. વાસ્તવમાં **ઈસ્લામ ધર્મના ઉદ્‌ગમસ્થાન અરેબિયામાં** ગાયની કુરબાનીની પ્રથા કોઈપણ સ્થાને જાણવામાં આવેલ નથી, અને તે શકય પણ નથી. કારણ કે ઇસ્લામ ધર્મમાં અપાતી કુરબાની કોઇ દેવને તેને ગમતો આહાર આપી સંતુષ્ટ કરવા અર્થેના બલિરૂપ નથી, પરંતુ મકકાની યાત્રાએ જતા મુસલમાનો, યાત્રા બાદ ત્યાંનું સહજ ખાદ્ય ઊંટનો માંસાહાર પોતે એકલા જ ન કરે પરંતુ ગરીબો તથા યાચકોને પણ કરાવે તે હેતુથી કુઅરાનમાં તેમ કરવાનું સૂચવેલ છે. (જુઓ **કુઅરાન યાત્રા,** સુરાહ ૨૨, કંડીકા ૩૭).

**હવે જયારે મહમદ સાહેબના જ વચનો પ્રમાણે 'ગૌમાંસ રોગ છે', ત્યારે હદીસ અથવા ઇસ્લામી પ્રણાલી લોકોને 'ગૌમાસરૂપી રોગ' જમાડવાનું કદી પણ ન કહે.**

**હકીમ અજમલખાન સાહેબના સરલ શબ્દોમાં :**

**'' नतो कुरआन ओर न अरबकी प्रथा ही**
**गौकी कुरबानीका समर्थन करती है ।''**

**એ જ પ્રમાણે ત્રણ હજાર વર્ષ પૂર્વે યહૂદી ધર્મના અબ્રહામે** પર્વતના કોઈ (આસુરી) દેવને ઈશ્વર માની, તેની આજ્ઞા પ્રમાણે પોતાના પુત્રનો ભોગ આપવા તૈયાર થતાં તેને તેમ કરતાં અટકાવી, બકરાના ભોગના સૂચન અનુસાર ચાલુ થયેલ અને ઇસ્લામ ધર્મે અપનાવેલ **બક્ર ઇદ** પર અપાતી બકરાંની કુરબાની ની પ્રથા પવિત્ર ગાયના બલિદાનમાં પરિણમવી કદી પણ સંભવી શકે નહીં.

એટલે બક્ર ઇદ પર હિંદમાં અપાતી ગાયની કુરબાની તો બે કોમો વચ્ચે વૈમનસ્ય ઊભું કરી પોતાની સત્તા ટકાવી રાખવા મથતા સ્થાપિત હિતોએ ભૂતકાળમાં ઊભું કરેલ એક કૌભાંડ માત્ર છે. અહીં પણ સ્થાપિત હિતોએ અપ્રમાણિકપણે 'bakra' એટલે કે 'બકરું' શબ્દમાંથી 'baqura' એટલે કે 'ગાય' શબ્દ બનાવી, **આ ક્ષેપક દ્વારા** અસંખ્ય નિર્દોષ ગાયોને તેની સુલભ પ્રાપ્તિને કારણે આ હત્યાકાંડમાં હોમી દીધેલ છે.

ઉપરના વિશ્લેષણ પરથી સ્પષ્ટ થશે કે આ લખાણનો હેતુ માત્ર ગાયને જ **येन केन प्रकारेण** બચાવવા પૂરતો નથી. પરંતુ સ્થાપિત હિતો એક નિઃસહાય મૂક પ્રાણીને અંતરમાં લેશમાત્ર સંકોચ, તથા ડંખ પામ્યા વિના અપ્રમાણિક પણે બલિદાનનું પશુ બનાવી, બે કોમો વચ્ચે કેવી રીતે કૃત્રિમ વૈરવૃત્તિ જગાવી શકે છે તેમજ ધાર્મિક તથા સામાજિક વાતાવરણને કલુષિત કરી, ગાયની પવિત્રતા તથા તેના પ્રત્યેની કૃતજ્ઞતાની ભાવનાને નષ્ટ કરી નાખે છે તેના સહજ ખ્યાલ અંગે છે.

સાથે સાથે એ પણ કહેવું એટલું જ આવશ્યક છે કે **કોઈ પણ પશુ, પક્ષી કે જળચરના બલિની પ્રથા મૂળમાં જ મલિન તેમજ સાચા ધર્મની વિરોધી છે, પછી ભલે તે હિંદુઓ, પારસીઓ, મુસલમાનો કે યહૂદીઓના ધર્મમાં પ્રવર્તતી હોય.** જેવી રીતે પોતાને સભ્ય તથા શિક્ષિત કહેવરાવતી પ્રજા માટે ધાન્ય, ફળફૂલાદિ, શાક, કંદમૂળ, તથા દૂધની છોળોની શકયતા ધરાવતી પૃથ્વી પર માંસાહાર એક અનિષ્ટ તથા અત્યાચાર છે, તેવીજ રીતે પોતાને ધાર્મિક કહેવરાવતી મનુષ્યજાતિ માટે કોઈપણ પ્રાણીનું બલિદાન એક ઘોર કલંકરૂપ છે.

હવે જો કે પ્રાચીન મિસરના તેમજ હિંદુ, ઝરથોસ્તી, જૈન, બૌદ્ધ તથા ઇસ્લામ ધર્મની જેમ હિબ્રુ તથા ખ્રિસ્તી ધર્મોમાં ગાયની અદન્યતા પર વિશેષ ભાર નથી,★ તો પણ સામાન્ય પશુ, પક્ષી

★ જો કે કેટલાક લોકો ઈ.પૂ. આઠસો વર્ષ જુના ઇસાઇઆહ પયગંબરની પ્રેરિત વાણીમાંથી હિબ્રુ તથા હાલના ખ્રિસ્તી બન્ને ધર્મોને લાગુ પડતા એક વાકય ''જે કોઇ ox એટલે કે ગાય અથવા બળદ (અંગ્રેજી શબ્દકોષ પ્રમાણે ox નો અર્થ ગાય અથવા બળદ બન્ને થાય છે.) નો વધ કરે છે, તે મનુષ્યના વધ કરનાર તુલ્ય છે.'' **(ઇસાઇઆહ ૬૬-3)** નું અવલંબન **ગાયની અદન્યતા** બતાવવામાં લે છે, તો પણ આ પ્રકારનું દૃષ્ટાંત એકજ છે અને તેનું અર્થઘટન પણ કૃત્રિમ જણાય છે.

વળી જો કે શેકસપિયર સમયના ઇંગ્લેન્ડના લોકોને **ગાયનું અભક્ષ્ય બુદ્ધિને જડ તથા તામસી બનાવે છે તેનો ખ્યાલ હતો.** (જુઓ Twelfth Night Act i, Scene iii), તો પણ ગાયની પવિત્રતા તથા આદર તેઓના ધર્મમાં નજરે પડતાં નથી.

ખરેખર તો ઇસાઇઆહ જેવા ઈશ્વરના પયગંબર દ્વારા આવતી ઈશ્વરની દિવ્ય વાણીજ, **ઈશ્વરને ગમતી નિર્દોષ જીવોની વ્યાપક અહિંસાનું પ્રમાણ છે.** એટલે સર્વ જીવો પ્રત્યે અનુકંપા અનુરોધતા પયગંબર ઇસાઇઆહના નીચેના ઈશ્વર - પ્રેરિત શબ્દો જ પૂરતા છે.

ઈશ્વરે કહ્યું, ''તમારા થકી અપાતા આ અનેક બલિદાનોનો અર્થ શું છે ? બાળેલાં બકરાં, ચરબી વધારેલ પશુઓની ચરબી, બળદો, બકરાં, ઘેટાંના લોહીથી હું ભરાઇ ગયો છું. **આવા મિથ્યા બલિ લાવો નહીં.** મારો આત્મા તમારા બીજના

(અનુસંધાન પેઇઝ ૨૭ પર)

તથા જળચરો કે જેમાં ગાયનો પણ સમાવેશ થઇ જાય છે તેમની બાબતમાં **બંન્ને ધર્મોના મૂળમાં જેનેસિસ – ૨૬ તથા મોઝિઝને મળેલ છઠ્ઠા દૈવી આદેશ પ્રમાણે અહિંસા ધર્મજ મુખ્ય છે. એટલે ગમે તેવા વિકૃત અર્થઘટન તેમજ ઈશ્વરની આજ્ઞાના નર્યા ઉલ્લંઘન છતાં, મૂળમાં તો અન્ય પ્રાણીઓ સાથે ગાયની રક્ષા આ બન્ને હિબ્રુ તથા ખ્રિસ્તી ધર્મોમાં અધ્યાહારરૂપે રહેલ જ છે.**

**જેનેસિસ – ૨૬ પ્રમાણે, ઈશ્વરે પશુઓ, તથા જળચરોની સંભાળ મનુષ્યોને સોંપતી વખતે કહેલ છે, ''આ પશુઓ, પક્ષીઓ તથા જળચરોને હું તમારી સંભાળ નીચે સોંપું છું. તમારા માટે મેં જુદી જુદી જાતનાં ધાન્ય,શાકભાજી તેમજ ફળાદિ યોજેલ છે, જે તમારા (મનુષ્યો) માટેનું અન્ન છે.''**

---

(અનુસંધાન પેઇઝ ૨૬નું ચાલુ)
ચંદ્રને તથા નક્કી કરેલી મિજબાનીઓને ધિક્કારે છે. યાચના અર્થે હસ્ત લંબાવશો ત્યારે હું આંખો મીંચી જઇશ અને તમારી પ્રાર્થનાને હું સાંભળીશ નહીં, કારણ કે તમારા હાથ લોહીથી ભરેલ છે.'' **(ઇસાઇઆહ ૧-૫-૧૧).**

વધુમાં ''તમારી પેઢીઓ દરમ્યાન તમારા સર્વ રહેઠાણોમાં , આ એક કાયદો બનીને રહેશે કે તમો ચરબી અથવા લોહી જમશો નહીં. **(લેવિટિક્સ ૭-૫-૨૩).**

**હિબ્રુધર્મના** પયગંબર મોઝિઝને માઉંટ સાઇનાઇ પર મળેલ **છઠ્ઠો દૈવી આદેશ – 'તું હિંસા કરીશ નહીં,*** માનવ સત્-ધર્મનું મૂળ છે અને **ખ્રિસ્તીઓનો** પણ તે વારસો હોવાથી બંને ધર્મોને સમાનપણે લાગુ પડે છે.

★ આ આદેશનો અર્થ **''તું તારી જાતને હણીશ નહીં''** કરવો યોગ્ય જણાતો નથી. જો તેનો ઉદ્દેશ મનુષ્ય આત્મવિલોપન કરે નહીં તેટલો જ હોત તો, ''તું હણીશ નહીં'' ને બદલે **''તું તારી જાતને હણીશ નહીં''** તેવા સ્પષ્ટ શબ્દો વપરાયેલ હોત. કારણકે સત્ય ઇશ્વરની દિવ્ય વાણી કદી પણ દ્વિધાત્મક હોતી નથી. એજ પ્રમાણે જો આ આદેશનો ઉદ્દેશ ''તું હત્યા કરીશ નહીં'' ને બદલે માત્ર ''તું ખૂન કરીશ નહીં'' તેવો હોય તો આ નૈતિક-ધાર્મિક દિવ્ય આદેશ એક ધારાકીય કાયદા માત્રના રૂપમાં પરિણમે છે. અર્થઘટનના સામાન્ય નિયમોના ભંગ કરતા આવા વિચિત્ર તથા મર્યાદિત અર્થો મનુષ્યને દિવ્યના હાર્દથી દૂર કરી, તેના ધર્મ તથા આત્માને હાનિકર્તાપણાને કારણે વર્જ્ય હોવા જોઇએ.

ઉપરાંતમાં તે સ્વચ્છંદી તથા નિર્દય મનુષ્યોની હિંસક વૃત્તિ પર અંકુશ મૂકી, નિર્દોષ પ્રાણીઓને અભય આપતી **જેનેસિસ – ૨૯** દ્વારા મનુષ્યોને મળેલ ઇશ્વરી આજ્ઞાનું પણ ઉલ્લંઘન કરે છે. આ પરથી સ્પષ્ટ થશે કે યહૂદી પયગંબર મોઝીઝને મળેલ **આ છઠ્ઠો દૈવી આદેશ સર્વપ્રથમ તો નિર્દોષ પશુઓ, પક્ષીઓ તથા જળચરો માટે જ છે.**

ૐ

# માઉંટ સાઈનાઈનો સત્-પ્રકાશ




## "તું હિંસા કરશે નહીં"

**માઉંટ સાઈનાઈના શિખર પરથી એક દિવાદાંડીની જેમ માનવજાતિને પ્રેરણા તથા પ્રકાશ આપતો આ વિશ્વવ્યાપક દૈવી આદેશ સર્વ ધર્મનો સત્ય માર્ગદર્શક બની, જેનેસિસ-૧-૨૯ પ્રમાણેની ઈશ્વરની દિવ્ય વાણીનો આદર કરાવી, લોકોને શુદ્ધ ધાન્યાહાર તરફ વાળી, સદ્ધર્મના પ્રાથમિક અંગ - સમ્યક્ આચારમાં સ્થિત કરશે.**

ઉચ્ચ નીતિના અર્કરૂપ આ આધ્યાત્મિક **છઠ્ઠા આદેશની** ભવ્યતાને વિચિત્ર અર્થઘટન થકી ઉતારી પાડવાથી વાસ્તવમાં તે ઓછી થતી નથી.★

જગતના મહત્ત્વના ધર્મોના ઉપરના આ તુલનાત્મક અભ્યાસ પરથી એટલું સ્પષ્ટપણે ફલિત થાય છે કે ગાયના જીવનની રક્ષા દરેક ધર્મને માન્ય જ છે, કેટલાક ધર્મોમાં તે અદન્યતાના સિદ્ધાંત (Principle of Inviolability) પર આધારિત છે, તો કેટલાકમાં તે તે ધર્મના પાયામાં અહિંસા હોવાને કારણે સંક્ષિપ્તમાં, કેવળ ધાર્મિક દષ્ટિથી જોતાં બધા ધર્મમાં ગાયનું સ્થાન સમાનપણે રક્ષિત જ છે, પછી ભલે તે તે ધર્મના લોકો પોતાના ખરા ધર્મને સગવડ પૂરતો જ પાળતા હોય અથવા તદ્દન ન પાળતા હોય.

★**'માઉંટ સાઈનાઈના શિખર પરથી** એક દીવાદાંડીની જેમ માનવજાતિને પ્રેરણા તથા પ્રકાશ આપતો આ **વિશ્વવ્યાપક દૈવી આદેશ સર્વ ધર્મોનો સત્ય માર્ગદર્શક બની, જેનેસિસ ૧-૨૯ પ્રમાણેની ઈશ્વરની દિવ્ય વાણીનો ફરી આદર કરાવી,** લોકોને દૂધ, દહીં, માખણ, ફળ, કંદમૂળ, શાક, ધાન્યાદિ શુદ્ધ આહાર તરફ વાળી, સદ્ધર્મના પ્રાથમિક અંગ-સમ્યક્ આચારમાં સ્થિત કરશે.

વધુમાં આ **દૈવી આદેશ**, અબ્રહામે પર્વતનાં આસુરી દેવને **'ઈશ્વર'** માની, તેના સૂચન અનુસાર વર્તી, **પોતાનું સઘળી રીતે અધઃપતન કરાવી,** નિર્દોષ પશુના ભોગ દ્વારા શરૂ કરેલું સંખ્યાતીત પ્રાણીઓની ત્રણ હજાર વર્ષ પુરાણી આ કુરબાની ક્રૂર પ્રથાને જગતભરમાંથી દૂર કરશે.

**ઉપસંહારમાં, હિંદના બિનસાંપ્રદાયિક રાજયમાં મહત સંખ્યામાં વસતા હિન્દુઓ થકી પોતાની સહજ બહુમતી દ્વારા અન્ય ધર્મ વિરોધી કાયદો અમલમાં લાવી, અન્ય કોમોને અન્યાય કરવાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. વાસ્તવમાં તો પોતાનો માનવ-ધર્મ ભૂલી કઠોર બનેલ લોકોને આરંભ, મધ્ય તથા અંતમાં તેમના સાચા ધર્મની સ્મૃતિ કરાવતા, પવિત્રતા, કૃતજ્ઞતા અથવા જીવદયાના સિદ્ધાંત પર અવલંબતા, સંવિધાન – પ્રબંધિત, (§ ૪૮, ભારતીય બંધારણ, ૧૯-૪૯) એક સામાન્ય સંસદીય કાયદાનો પ્રશ્ન છે.**

ગાંધીજીના આ લખાણનો શેષ ભાગ તથા તેમાંથી ફલિત થતા ઉપ-સિદ્ધાંતો પણ ઘણી ધાર્મિક-સામાજિક ગૂંચવણોનું કારણ બની ગયેલ હોવાથી, તેમને વ્યવસ્થિત કરી, મહત્ત્વના ન્યાય (Logic) તથા નીતિના (Ethics) જુદા જુદા દ્રષ્ટિકોણથી તપાસતાં,ઘણી અગત્યની સમસ્યાઓનો આપોઆપ ઉકેલ થઇ જશે.

૧. (અ) 'હિન્દુ ધર્મનો ગાયના વધનો નિષેધ હિન્દુઓ માટે છે, જગત માટે નહીં.''

૩. 'જો હિન્દુઓ ગાયના વધ પર ધાર્મિક કારણોસર પ્રતિબંધ મૂકી શકે તો, પાકિસ્તાન સરકાર પાકિસ્તાનમાં મૂર્તિપૂજા પર શા માટે પ્રતિબંધ ન મૂકી શકે ?''

૧. (બ) 'ધાર્મિક નિષેધો અંતરમાંથી ઉદ્ભવે છે.''

(ક) ''બહારથી કંઇ પણ લાદવું તે બળજબરી છે.''

(ડ) ''આવી બળજબરી ધર્મથી વિરુદ્ધ છે.''

૪. ''જેવી રીતે શરિયત બિનમુસ્લિમ પર લાદી ન શકાય તેવી રીતે હિન્દુઓનો કાયદા

બિનહિન્દુઓ પર **લાદી શકાય નહીં.''**

હવે ૧(અ) સાથે ત્રીજા વિધાન પ્રમાણે :

**હિન્દુ ધર્મનો ગાયના વધનો નિષેધ હિન્દુઓ માટે છે, જગત માટે નહીં. જો હિન્દુઓ ગાયના વધ પર ધાર્મિક કારણોસર પ્રતિબંધ મૂકી શકે તો, પાકિસ્તાન સરકાર પાકિસ્તાનમાં મૂર્તિ પૂજા પર શા માટે પ્રતિબંધ ન મૂકી શકે?''**

જેવી રીતે સામાજિક તથા રાજકીય ક્ષેત્રે તેવી જ રીતે ધાર્મિક જગતમાં (નિર્ણયાત્મક) વિધાનો તથા (નકારાત્મક) નિષેધોના સ્વરૂપમાં પ્રવર્તતા સિદ્ધાંતો બે પ્રકારના હોય છે. વિશેષ (Specific) તથા સામાન્ય (general).

દ્રષ્ટાંત તરીકે પ્રસ્તુત વિષયમાં પ્રાચીન મિસર તથા વેદકાળથી આર્યોના જીવન તથા ઇતિહાસ સાથે વણાયેલ ગાયની પવિત્રતા, પૂજ્યતા તથા માતૃત્વના આદર્શને એક **વિશેષ સિદ્ધાંત** કહી શકાય. આવો વિશેષ સિદ્ધાંત સ્થળ, સમય તથા ખાસ સંયોગો સાથે સંકળાયેલ હોવાથી, પરંપરાગત વારસા દ્વારા જે જે લોકોના ધર્મના અંગરૂપ તે બની ગયેલ છે તે તે **લોકો માટે જ તે ધાર્મિક સત્તારૂપ છે, જગત માટે નહીં.**

પરંતુ ''કોઈપણ પ્રાણીને તેની સહજ આયુષ્ય દરમ્યાન ઈજા કરવી નહીં તેમજ ક્રૂરતા તથા હિંસા થકી તેનો પ્રાણ હરવો નહીં'', તેવો અહિંસાનો **સામાન્ય નૈતિક સિદ્ધાંત** કોઈ ધર્મનું અંગ હોવાને કારણે સૈદ્ધાંતિક દ્રષ્ટિએ તે (સામાન્ય સિદ્ધાંત) વિશેષ બની જતો નથી, જેથી કરી તે **સિદ્ધાંત પણ તે ધર્મના જ લોકો માટે છે, અન્ય માટે નહીં તેમ** કહેવું તે જેટલું બૌદ્ધિક દ્રષ્ટિએ અયુકત છે, તેટલું જ વિશ્વના આર્ષદ્રષ્ટાઓ, વિભૂતિઓ, ઈશ્વરના

અવતારોના પ્રમાણયુકત સત્ય ઉપદેશની વ્યાપકતાને અવગણી ઉડાડી દેવા તુલ્ય છે. **આ ઉપરાંત 'આત્મૌપમ્ય' તથા અનુકંપાની દ્રષ્ટિએ અસંખ્ય નિર્દોષ પ્રાણીઓ પર અહર્નિશ થતી ક્રૂરતા તથા હિંસાને એક ધાર્મિક ધુમ્રપટ પાછળ રાખી જીવંત. સંવેદનશીલ પ્રાણીઓને લગતા અન્યાયયુકત કાયદાઓની યથાવત સ્થિતિને ચિરસ્થાયી બનાવી દેવા બરાબર છે.**

ગાયને જ લગતી 'ઋક્' તથા 'અથર્વ' વેદમાંથી ટાંકેલ અગાઉની બે ઋચાઓ ઉદાહરણ માટે પૂરતી છે. હિંદુઓને ગાયના આત્માની સત્ય પ્રતિભા સમજાવવા તેને દેવોની માતા અદિતિરૂપે જોવા અનુરોધતો આર્યોનો આ **વિશેષ ધર્મ** કેવળ હિંદુઓ માટે જ હોઈ શકે અન્ય માટે નહીં, પરંતુ ત્યાર પછીની બે પંકિતઓ વ્દારા નિરપરાધ ગાયની હિંસા પ્રતિરોધતો આર્યોએ બતાવેલ માનવનીતિનો સામાન્ય સિદ્ધાંત જગતભરના વિવેકીજનોને (એટલે કે જેમનામાં સમજ છે તેમને) સંબોધી, ઘોષણા કરી કહે છે કે નિર્દોષ ગાયનો વધ કરો નહીં.

અહીં આ સિદ્ધાંત ભલે તે સમયના સર્વકોઈ લોકોના ધર્મના અંગરૂપ ન હોય તો પણ એક નૈતિક સિદ્ધાંત તરીકે તે **સામાન્ય પ્રકારનો** હોવાથી સારાએ જગતને સ્પર્શે છે, માત્ર આર્યોને જ નહીં. **ખરેખર તો આ પંકિતઓ વેદકાલીન આર્યોને સંબોધી કહેવામાં આવેલ નથી, પરંતુ પશુબલિને જ ધર્મ ગણતા ભારતમાં વસતા, તે સમયના બિન–આર્યોને સંબોધી કહેલ છે.**

આ પરથી એ. બી. શાહ સંપાદિત **''ગાયની કતલ''** માં આ બાબતમાં બંધારણીય તથા સામાન્ય કાયદાના દ્રષ્ટિકોણથી ચર્ચતા એસ. પી. સાઠેની આવી જ દલીલ અસ્થાને છે. તેણે આપેલ દ્રષ્ટાંત પ્રમાણે કિરપાણ રાખવું તે શીખ ધર્મનું અંગ હોવાથી, કાયદો શીખોને તે ધારણ કરવાની છૂટ આપે છે. પરંતુ અન્ય કોમો પણ કિરપાણ ધારણ કરે તેઓ આગ્રહ શીખો રાખી શકે નહીં.

જોકે ઉપરનું આ દ્રષ્ટાંત કથન પૂરતું સત્ય છે, તો પણ જે બાબત અહીં દ્રષ્ટિ સમક્ષ રાખવાની છે તે જુદી જ છે. **હિન્દુઓ, અન્ય કોમો ગાયને પવિત્ર ગણી પૂજે તેવો આગ્રહ ધરાવતા નથી, પરંતુ હજારો વર્ષોથી 'પાવની' તથા અઘ્ન્યા ગણાતી – કરુણા, કૃતજ્ઞતા અથવા ઐતિહાસિક કોઈપણ દ્રષ્ટિએ અવધ્ય – ગાયનો પોતાના જ રાષ્ટ્રમાં, સામાન્ય બંધારણીય વિધિ અનુસાર એક સંસદીય કાયદા દ્વારા વધ અટકાવવા ઇચ્છે છે. આ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે બિનહિન્દુઓ પાસે હિંદુઓ જે અપેક્ષા રાખે છે તે પોતાના સનાતન સત્–ધર્મના ઐતિહાસિક પાલનમાં આવશ્યક, અનિવાર્ય પડોશ–હકક (**an Easement of Necessity**) માત્ર છે.**

**આ સંદર્ભમાં એ ભૂલવું ન જોઇએ કે જેમ ભારત એક બિનસાંપ્રદાયિક (**Secular**) રાજય છે, તેમ તે લોકશાહી (**Democratic**) પ્રજાસત્તાક (**Republic**) પણ છે, જેનું હાર્દ જ બહુમતી પ્રમાણે કાયદો ઘડવાની સત્તા છે. ભારતના બે ભાગ કર્યા પછી પણ ગૌરક્ષાથી હિન્દની મુસ્લિમ કોમને અન્યાય થશે તેમ કહેવું તે અત્યંત બેહૂદું તથા શોચનીય છે.**

ખરેખર તો ભારતમાં ગાયની કુરબાનીના નિષેધને પાકિસ્તાનમાં મૂર્તિપૂજા પરના પ્રતિબંધ સાથે સરખાવવો **તે એક ન્યાયવિહીન લૂખો કાયદાવાદ છે.** નીતિનાશક ભૌતિકતા તથા વિવેકવિહીન આધુનિકતામાં ડૂબેલ આજનો સમાજ જે કક્ષાએ અવસ્થિત છે, તેમાં કાયદો ભલે પશુ, પક્ષી તથા જળચરોને માનવ-સંપત્તિના ભાગરૂપ એક **જડ વસ્તુ** (Chattle) ગણે, પરંતુ સત્ય પરમેશ્વરની ન્યાયયુક્ત કરુણામય દ્રષ્ટિમાં તો મનુષ્યની જેમ ગાય પણ એક જીવંત, સંવેદનશીલ પ્રાણી છે. અને આજ સત્ય દ્રષ્ટિ છે, સમ્યક્ જ્ઞાન છે.

એટલે ભારતના અથવા હિંદ બહાર કોઈપણ ભાગોમાં 'હિંદુઓ' થકી અપાતા પશુ-બલિની નિંદનીય, દોષિત પ્રથાના એકધારા સામના સાથે કુરબાનીની ક્રૂર પ્રથાને પણ તેની **નરી કદરૂપતામાં** બતાવી, બંધ કરાવવાને બદલે હજારો વર્ષથી હિન્દુઓ થકી પવિત્ર મનાતી તેમજ કરુણા, અહિંસા તથા કૃતજ્ઞતાની કોઈપણ ગણનાથી અવધ્ય, ગાયની કુરબાનીના સમર્થનમાં તેને પાકિસ્તાનમાં મૂર્તિપૂજા પરના પ્રતિબંધ સાથે સરખાવવી તે અહિંસાના ઉપાસક માટે અક્ષમ્ય છે અને સત્યના સાધક માટે સત્યની વિરુદ્ધ દિશામાં જ જવા તુલ્ય છે.

ગાય પ્રત્યેની પવિત્રતાની ઐતિહાસિક હિન્દુ ધર્મદ્રષ્ટિને એક બાજુએ રાખીએ તો પણ - કોઈપણ ગણનાથી અવધ્ય મનાતી ગાયની હત્યા અટકાવવા અર્થેના ન્યાયયુક્ત કાયદાને મૂર્તિપૂજા પરના પ્રતિબંધ સાથે સરખાવવો તે તો એવું સૂચવે છે કે ગાય કુરબાની અથવા મનુષ્યના ખોરાક માટે જ સર્જાયેલ છે! વળી ઘર અથવા મંદિરમાં હિન્દુઓને મળતી મૂર્તિપૂજાની છૂટ અન્ય લોકોના ધર્મોની વચ્ચે આવતી નથી, જયારે ગાયની કતલ તો હિન્દુઓના ગૌરક્ષા-ધર્મને છિન્ન-ભિન્ન કરી દેનાર છે.

મૂર્તિપૂજાની ઉપમા વ્દારા ગાયની વાસ્તવિક પરિસ્થિતિનો ખરો ખ્યાલ તો ત્યારે જ આવી શકે કે, જયારે એક જ રાજયમાં મૂર્તિપૂજક લોકોને તેમના ધર્મ અનુસાર ઘરે અથવા મંદિરોમાં મૂર્તિપૂજાની છૂટ આપવામાં આવે, જયારે મૂર્તિભંજક લોકોના ધર્મ અનુસાર અન્ય સ્થળે મૂર્તિઓનું ખંડન ચાલુ રહે. હવે જો આ વાતાવરણમાં મૂર્તિપૂજા ચાલુ રહી શકે, તો જ હિન્દુઓનો હાલના વાતાવરણમાં ગાય પ્રત્યેનો ધર્મ ટકી શકે.

એ ખરું છે કે ભારત જેવા બિનસાંપ્રદાયિક (secular) રાજયમાં કોઈ પણ ધર્મને ભેદભાવ વ્દારા આગળ લાવવાની નીતિ (policy) માટે સ્થાન જ નથી. તો પણ તેનો અર્થ એવો થતો નથી કે હિંદુઓએ આર્યોના કરુણાત્મક અહિંસાના મૂળભૂત સિદ્ધાંત પર અવલંબતા ગૌરક્ષાના માનવતાયુકત સનાતન સત્-ધર્મને છોડી, ગાયની કુરબાનીની ક્રૂર પ્રથાને સ્વીકારવી. એટલે બિનસાંપ્રદાયિક રાજયે જોકે ધર્મની બાબતમાં **પણ** નિષ્પક્ષપાતી રહેવું જોઇએ, તો પણ તેને (રાજયને) અધાર્મિક બનતાં તો અવશ્ય અટકાવવું જોઈએ. આધ્યાત્મિક ભારતે એટલું યાદ રાખવું અવશ્ય જરૂરી છે કે **धर्मो रक्षति रक्षितः।**

**૧. (બ) ‘ધાર્મિક નિષેધો અંતરમાંથી ઉદ્‌ભવે છે.’’**

સર્વપ્રથમ તો નકારાત્મક નિષેધો ‘‘કદીપણ અંતરમાંથી ઉદ્‌ભવતા હોતા નથી.’’ અંતરમાં એટલે કે અંતરમન કે હૃદયમાં જે ઉદ્‌ભવે છે તે નિશ્ચયાત્મક સદ્‌ભાવો છે. દ્રષ્ટાંત તરીકે ગાયની પવિત્રતા, સાત્ત્વિકતા તથા માતૃત્વની ઉદાત્ત ભાવનાને **સદ્‌ભાવો** કહી શકાય, જયારે ‘‘ગાય પર ક્રૂરતા ન કરો’’,‘‘નિર્દોષ, નિરપરાધ ગાયનો વધ કરો નહીં’’, - એ **નિષેધો** છે.

હવે એ ખરું છે કે આવા નિશ્ચયાત્મક સદ્ભાવો અંતરમન અથવા હૃદયમાંથી ઉદ્ભવતા હોવાથી તેમને બહારથી લાદી શકાય નહીં અને આ પ્રમાણે લાદવું તે કાયદા થકી હોય તો પણ તે એક પ્રકારની બળજબરી છે.

પરંતુ નિષેધોનું કાર્ય તો તદ્ન ભિન્ન છે. મનુષ્યના પૂર્વના સંસ્કારો તેમજ તેના બાહ્ય મનમાં અંતરિક્ષમાંથી અથડાતા દ્વેષભાવો માનવ અશાંતિનું મૂળ છે. **આવી અનિષ્ટ વૃત્તિઓ તથા આસુરી ભાવો દૈવી, લોકનૈતિક કે ન્યાયયુકત કાનૂની આદેશો અથવા નિષેધો સાથે તેને યોગ્ય અનુશાસ્તિ (sanction) દ્વારા જ અટકી શકે.**

''તું હિંસા કરશે નહીં,'' તેવો પયગંબર મોઝિઝને હીબ્રુ લોકો અર્થે મળેલ મૂળ આદેશ એક દૈવી નિષેધ છે, જેની અનુશાસ્તિ દેવની અવકૃપા છે, ''મૂક જીવો પ્રત્યે ક્રૂર ન બનો'' તેવો પ્રાચીન ભારત તથા પર્શિયાના આર્યોની લોકનીતિનો આદેશ છે, જેની અનુશાસ્તિ લોકનિંદા છે. તે જ પ્રમાણે ''પ્રાણી હિંસા કરો નહીં'', ''જીવંત પ્રાણીને ઈજા કરો નહીં'' એવો સમ્રાટ અશોકનો ન્યાયયુકત કાયદો એક નિષેધ છે જેની અનુશાસ્તિ કાયદેસરની યોગ્ય શિક્ષા છે.

હવે કરુણા,પવિત્રતા જેવા સદ્ભાવો કેવળ શુધ્ધ હૃદયમાં જ આપોઆપ ઉદ્ભવતા હોવાથી, સર્વપ્રથમ મનુષ્યની નિમ્નવૃત્તિઓ તથા દ્વેષભાવોનું જયારે યોગ્ય અનુશાસ્તિ સાથે દૈવી, લોકનૈતિક તથા કાયદેસરના ન્યાયયુકત નિષેધો દ્વારા સંપૂર્ણ નિયંત્રણ કરવામાં આવે ત્યારે જ સંયમિત સમાજના લોક-હૃદયમાં સામૂહિક સદ્ભાવો આપોઆપ ઉદ્ભવીશકે. લોભ વૃત્તિની ઊંડી ગર્તામાં પડેલ આજનું જગત, માનવેતર પ્રાણી-

ઓ તરફની અકલ્પ્ય શોષણનીતિ તથા સારાએ વિશ્વના મૂક નિર્દોષ જીવોને ફાંસામાં લીધેલ મનુષ્યની વ્યાપક હિંસાવૃત્તિને સત્-નૈતિક લોકમત તથા ન્યાયુક્ત ધારાકીય નિષેધો દ્વારા ફરજિયાત રીતે પાળવામાં આવે નહીં, ત્યાં સુધી પ્રાણયુક્ત જીવનની પવિત્રતા તથા આદરણીયતાનો ખ્યાલ અંતરમાંથી ઉદ્ભવવો અશક્ય છે.

**'બહારથી કંઈપણ લાદવું તે બળજબરી છે.''**

અહીં એ પણ ભૂલવું ન જોઇએ કે માનવસમાજ 'દૂધાળાં','ભારવાહક' પશુઓ તથા ઊન આપતાં ઘેટાંઓનો ઈતિહાસના આદિકાળથી ઋણી છે. એટલે હજારો વર્ષોની શોષણનીતિ બાદ **કૃતજ્ઞતાની દ્રષ્ટિએ પણ** જેનું રક્ષણ થવું જોઇએ તેને એક ખોરાક તથા કુરબાનીનું પ્રાણી ગણવામાં આવે અને તેની કાયદેસરની રક્ષાના ઉપાયને એક બળજબરી ગણવામાં આવે તો આવી નિમ્ન-પ્રકૃતિ-તોષક પ્રથાથી સત્ય ઈશ્વરને બદલે અબ્રાહમને મળેલ આસુરી શકિત જ ઈશ્વર ગણાશે, જે આજની જેમ જગતને ઈશ્વરવિહોણા બનાવી દે છે. અને જગતના આર્ષદ્રષ્ટા, જયોતિર્વિદોએ કરેલ આગાહીઓના સંદર્ભમાં આવી રાક્ષસી સમૃદ્ધિ જગતને વિશ્વયુદ્ધ, હિમયુગ અથવા જળપ્રલય જેવા મહાવિનાશમાં ડુબાવી દે તેટલો ખ્યાલ રાખવો આવશ્યક છે.

ઉપરના આ બધા મુદ્દાઓને એક બાજુએ રાખીએ તો પણ જયારે બંધારણ - સભાએ જ કલમ ૪૮ પ્રમાણે માત્ર ગાયો તથા વાછરડાંજ નહીં પરંતુ 'દૂધાળાં' તથા 'ભારવાહક' પશુઓની કતલ બંધ કરવા બંધારણની અંદર જ પ્રબંધ કરેલ છે, ત્યારે ગાંધીજીના આ લખાણને અસંખ્ય વખત આગળ ધરવું તે એક મહા અનર્થ જ છે. એટલે કલમ ૪૮ના મૂળભૂત ઈરાદા પ્રમાણે ગાયો તથા વાછરડાં જ નહીં પરંતુ દૂધાળાં તથા સર્વ ભારવાહક પશુઓ-

`ની કતલ, સારા પશુઓની સંખ્યાની જાળવણી માત્ર અર્થે નહીં, પરંતુ ભારતની નૈતિક-આધ્યાત્મિક સંસ્કૃતિ સાથે સુસંગત હોવાથી અમર્યાદિત રીતે બંધ કરવાનું કલમ ૪૮ માં સ્પષ્ટપણે આપેલ છે ત્યારે બીજી બધી ગણનાઓ ગૌણ બની જાય છે.

## બળજબરી કોના પર ?

મૂક નિર્દોષ ઢોરો કે જેમણે ઈતિહાસના આદિકાળથી માનવજાતિની સેવા કરી છે અને જે કારણે માનવજાતિ સતત તેમના ઋણમાં છે. તેને મારી ખાઇ જવા રૂપ ઘાતકીપણાને બળજબરી કહેવી કે તેને અટકાવવાની કાયદેસરની ન્યાયુકત પ્રક્રિયાને કહેવી.

તેવો જ અગત્યનો પ્રશ્ન એ છે કે નિર્દોષ જીવંત પ્રાણીને પશુબલિ અથવા કુરબાની રૂપે અથવા ખોરાક માટે અસંખ્ય સંખ્યામાં રહેંશી નાખવાની વિધિ તે ધર્મ છે કે ગૌરક્ષા ધર્મ છે ? ગાંધીજી કે જેણે ધર્મોના ઉપરછલ્લા અભ્યાસ પરથી બધા ધર્મો સત્ય છે તેમ કહ્યું છે તેના પ્રમાણે કદાચ પશુબલિ તથા ગૌરક્ષા બંને ધર્મો હોઈ શકે પરંતુ જયાં અસંખ્ય નિર્દોષ પશુઓ આ યાતનાકાંડમાં હોમાઈ રહ્યાં છે ત્યાં સત્યની નૈતિક - તાર્કિક દ્રષ્ટિએ એ પણ નક્કી કરવાનું રહે છે કે સત્ય ધર્મ પશુબલિ કે ગૌરક્ષા ?

હવે જો ઈશ્વરે અન્ય પ્રાણીઓને પશુબલિ, કુરબાની અથવા મનુષ્યના ખાદ્ય પદાર્થ તરીકે યોજેલ હોત તો જગતના ભિન્ન - ભિન્ન ધર્મોમાં નીચેનાં વાકયો ન હોત :

૧.જેનેસિસ ૧-૨૯, (જુઓ પૃ. ૩૫)

૨.ઇસાઇઆહ ૧-૫-૧૧, (જુઓ પૃ. ૩૪)

જેનેસિસ અને ઇસાઇઆહના આ સત્-સુવાકયમાં

ૐ

# શ્રી ઈશુ ભગવાન




''ઈશ્વરે મનુષ્યોને કહ્યું, ''આ પશુઓ, પક્ષીઓ તથા જળચરોને હું તમારી સંભાળ નીચે સોંપું છું. તમારા માટે મેં જુદી જુદી જાતના ધાન્ય, શાકભાજી તેમજ ફળાદિ યોજેલ છે,જે તમારા(મનુષ્યો)માટેનું અન્ન છે''.

-ગુડન્યુસ બાઈબલ, જેનેસિસ ૨૯.

જણાવ્યા છતાં કુરાનમાં લખ્યા પ્રમાણે એ ખરૂં છે ? કે ઇશ્વરે પશુઓને મનુષ્યોના આહાર માટે બનાવ્યા હોય ?

''અને દેશ માટે અમોએ એક વિધિ યોજેલ છે, ઢોરોનાં કપાતાં માથાંઓ પર તેઓએ અલ્લાહનું નામ લેવું અને તમારા ઈશ્વર એક ઈશ્વર છે તેથી કરી તમારી જાતને તેમને, સોંપી દો. અને ઓ મહમદ કહ્યાગરા (meek) ઓને આ ખુશખબરથી જાણકાર કરો.'' (સુરા - ૨૨, પાત્ર - ૫, કડીકા - ૩૪, ગ્લોરીયસ કુરાન (અં)પૃ. ૨૪૪) .

# પ્રકરણ – ૪
# ભારતના સમવાયતંત્રમાં ગોરક્ષાની બાબતમાં સંસદની સામાન્ય કાયદા દ્વારા માનવામાં આવતી બંધારણીય અક્ષમતા

હવે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દર્શાવતા ભારતીય બંધારણના ભાગ ૪ માં ખેતી તથા પશુપાલનને લગતી કલમ ૪૮ નીચે પ્રમાણે છે :

૧. રાજ્ય, ખેતી અને પશુપાલનની આધુનિક તથા વૈજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરશે.

૨. ખાસ કરીને પશુઓની ઉછેર, જાળવણી તથા વંશ-સુધારણા અંગે પગલાં લેશે.

૩. ગાયો તથા વાછરડાં અને બીજાં દૂધાળાં (જેવા કે ગાય, ભેંસ, બકરી, ઘેટી, ઊંટડી, **વિગેરે**) તથા ભારવાહક પ્રાણીઓ (જેવાં કે બળદ, પાડો, ઘોડો, ખચ્ચર, ગદર્ભ **વિગેરે**) ની કતલ બંધ કરશે.

હવે અહીં 'રાજ્ય' અર્થ ભારત સંઘ કે પ્રદેશ રાજ્યો કે બંને થાય છે તે જોવાનું રહે છે. ભારતીય બંધારણના ભાગ - ૪ની કલમ ૩૬ રાજ્યનો અર્થ નીચે પ્રમાણે આપે છે.

''આ ભાગમાં 'રાજ્ય' નો અર્થ સંદર્ભથી અન્યથા આવશ્યક ન હોય તો ભાગ ત્રણમાં જે અર્થ છે તે જ થશે.''

ભાગ ત્રણમાં આવેલ કલમ ૧૨ 'રાજ્ય'ની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છે. ''આ ભાગમાં રાજ્યનો અર્થ સંદર્ભથી અન્યથા આવશ્યક ન હોય તો ભારતની સરકાર, સંસદ તથા પ્રદેશ-

રાજ્યો પૈકી દરેક રાજ્યની સરકાર, તેનું વિધાનમંડળ તથા ભારતના પ્રદેશરાજ્યો અંદરના અથવા ભારત સરકારના નિયંત્રણ હેઠળના તમામ સ્થાનિક કે બીજા સત્તામંડળોનો સમાવેશ થાય છે.

હવે સંદર્ભને આધારે આ સત્તા મુખ્યત્વે સંસદ તથા કેન્દ્ર સરકારની વધુ છે કે પ્રદેશ રાજ્યોની કે બંનેની આપવામાં આવેલ છે તે જોવાનું રહે છે. અનુસૂચિ ૭ યાદી ૨ પ્રદેશ રાજ્યોનો વિષય છે.

અહીં એ યાદ રાખવું આવશ્યક છે કે પ્રદેશ રાજ્યોને ''ઢોરોની સંખ્યાની જાળવણી, પંડિત ભાર્ગવે મૂકેલ સુધારા દ્વારા મૂળ ખતમાં ઉમેરવામાં આવેલ છે. D. D. Basu Commentary on the constitution of India 1956, (Part2) P. 756 તો પણ કલમ ૪૮માં ઢોરોની સંખ્યાની જાળવણી તથા સુધારણા ઉપરાંત ભારતની સંસ્કૃતિને અનુસ્યૂત ગાય, વાછરડાં, દૂધાળાં તથા ભારવાહક પ્રાણીઓની કતલ પરનો પ્રતિબંધ તો કલમ ૪૮ માં જ આપેલ છે. હવે જો બંધારણ સભાના સભ્યોનો વિચાર માત્ર ઢોરોની સંખ્યાની જાળવણી તથા સુધારણા હોત તો કલમ ૪૮ માં બંને આપેલ ન હોત.

આ ઉપરથી જોઈ શકાશે કે કલમ ૪૮ માં રાજ્ય શબ્દનો અર્થ ભાગ ૩જાની કલમ ૧૨ પ્રમાણે સંદર્ભથી અન્યથા આવશ્યક ન હોય તો ભારતની સરકાર, તેનું વિધાનમંડળ તથા ભારતના ક્ષેત્રરાજ્યો અંદરના અથવા બહાર ભારત સરકારના નિયંત્રણ હેઠળના તમામ સ્થાનિક કે બીજા સત્તામંડળોનો સમાવેશ થાય છે.''

ઇંગ્લાન્ડ અને ફ્રાન્સ જેવા એકાત્મક રાજ્યથી ભિન્ન યુનાઇટેડ સ્ટેટ. ભારત એક સમવાયતંત્ર રાજ્ય છે જેનું મુખ્ય

લક્ષણ કેન્દ્રને અને પ્રદેશ રાજ્ય વચ્ચે વિભાજન કરેલ વિષયો તથા સત્તા છે. આમ સંરક્ષણ, રેલ્વે, વિદેશનીતિ, આયાત નિકાસ વિગેરે કેન્દ્રના વિષયો છે જયારે શિક્ષણ, પોલીસખાતુ, ખેતી, પશુપાલન વિગેરે પ્રદેશ રાજ્યોનો વિષય છે. હવે અહીં સમજવા જેવું એ છે કે ખેતી તથા પશુપાલન ભલે પ્રદેશ રાજ્યોનો વિષય હોય તો પણ કેટલીક બાબતોમાં તે જ વિષય પર કેન્દ્રની સત્તા પણ સંપૂર્ણપણે હોઇ શકે. એટલે પશુપાલન પ્રદેશ રાજ્યોનો વિષય હોવા છતાં પશુઓના આયાત-નિકાસ કેવળ રાજ્યનો વિષય હોઇ શકે, એજ રીતે ઢોરોની સંખ્યાની જાળવણી (Prevention of Mock).

ટૂંકમાં સમવાયતંત્રમાં વિષયો ભલે જુદા જુદા હોય તો પણ તેમાં સાર્વભૌમત્વનું સ્થાન નક્કી કરવું તે એક અશકય સાહસ છે.

આ રીતે લાસ્કી જેવા લેખકોના બતાવ્યા પ્રમાણે સારાયે દેશમાં એકધારી કાર્યનીતિની જરૂર છે ત્યાં સહજ રીતે તે કેન્દ્ર તથા સંસદની સત્તા નીચે આવી જાય છે એટલે સંદર્ભની દ્રષ્ટિએ સંસદ તથા કેન્દ્ર સરકારની ગાય તથા વાછરડાં તથા અન્ય દૂધાળાં તથા ભારવાહક પશુઓની કતલ અટકાવવામાં કાયદો ઘડવો તે કેન્દ્ર સરકારને સંપૂર્ણપણે અધિકાર છે.

ભૂતકાળમાં જો કે કોંગ્રેસની બહુમતિ થકી એવું નક્કી કરવામાં આવેલ કે સંસદમાં ગાયો તથા વાછરડાં, દૂધાળાં તથા ભારવાહક પશુઓની કતલ બંધ કરવાનો અધિકાર નથી તો પણ આ એક સંસદના સાર્વભૌમત્વનો પ્રશ્ન હોવાથી તે હાલની સંસદને બંધનકર્તા થઈ શકે નહીં.

એટલે કલમ ૪૮ના મૂળભૂત ઈરાદા પ્રમાણે ગાયો તથા

વાછરડાં જ નહીં પરંતુ ભારવાહક પશુઓની કતલ, સારાં પશુઓની સંખ્યાની જાળવણી માત્ર અર્થે નહીં પરંતુ ભારતની નૈતિક - આધ્યાત્મિક ભવ્ય સંસ્કૃતિ સાથે અનુસ્યૂત અમર્યાદિત રીતે બંધ કરવાનું આર્ટીકલ ૪૮ માં સ્પષ્ટપણે હોવા છતાં ભારતના સ્થાપિત હિતોની લોહિયાળ દ્રષ્ટિ તો ૧૯૮૫ સુધીમાં પશુઓના રૂધિર, માંસ તથા ચામડામાંથી ૧૦૦૦ કરોડ રૂપિયા મેળવવાની દોટ મૂકી રહેલ છે. જયાં સ્વતંત્રતા વખતે દેશમાં બે-પાંચ મોટાં કતલખાનાં હતાં ત્યાં અત્યારે ઓછામાં ઓછાં હજાર કતલખાનાઓ અસ્તિત્વમાં આવેલાં છે.

અહીં કોઇ એવો પ્રશ્ન વ્યકત કરે કે કરુણામય પરમેશ્વર આવી રક્ષા કેમ કરતા નથી? તો તેનો જવાબ એ છે કે એક તાંત્રિક વિદ્યાની માયિક શકિતથી તથા ભ્રાંતિમૂલક આ સંસારથી **તદન પર** સત્ય પરમેશ્વર અથવા પરિબ્રહ્મ ઈશ્વરને માયાના ઇલાકા સાથે સીધો સંબંધ નથી.

ઝિમરની 'Indian Philosophies' માં નીચેનું ઉદ્ધરણ આ બાબતનો પૂર્ણ ખ્યાલ આપશે. ''જયારે જયારે ..... જગત પાલન કરનાર શ્રી વિષ્ણુ ભગવાનને નવો અવતાર ધારણ કરવાની વિનંતી કરવામાં આવે છે ત્યારે પ્રાર્થનાર્થીઓ જયાં સુધી ઈશ્વર કૃપા કરી હા ન કહે ત્યાં સુધી તેને શાંતિ લેવા દેતા નથી. આમ છતાં જે સમયથી તેઓ માતાની આશીર્વાદિત કૂખે અવતરે છે ત્યારથી માયાના સ્વયમ્ - સંચાલિત આસુરી પરિબળો તેમની સામે પડી જાય છે, કારણકે આવા પરિબળો ઈશ્વરને ધિકકારે અથવા તિરસ્કારે છે અને તેમની વિશાળ સ્વાર્થ જાળ તથા વર્ચસ્વ ભરેલ શાસનમાં ઈશ્વર માટે સ્થાન જ નથી. ઈશ્વરની અવતારી કારકિર્દીને છિન્નભિન્ન કરવા તેમનાથી બનતું તેઓ સઘળું કરે છે. (Zimmer Indian Philosophes, 1967,p.2.)

# ઉપસંહાર

આ પ્રમાણે જયારે ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરની નિ:સીમ કરુણાએ **આર્યોની પ્રતિભાના આ ભવ્ય છોડ અહિંસાને,** પશુબલિને ધર્મ કહેનારા અનાર્યો થકી છૂંદાઈ નષ્ટ થતાં બચાવ્યો, ત્યારે ભાવિક વૈષ્ણવો, સાચા બૌદ્ધો તથા ખરા જૈનોએ અહિંસાના કડક તથા નિષ્ઠાવાન પાલન વડે, ઈતિહાસના દીર્ઘ આંધીયુકત સમય દરમ્યાન તેને કરમાઈ જતાં બચાવ્યો, એજ પ્રમાણે એ પણ યાદ રાખવું આવશ્યક છે કે ઉદાર મનવાળા હિંદુ રાજાઓએ આપેલ રક્ષણ દ્વારા જ વૈષ્ણવો, જૈનો તેમજ બૌદ્ધો સંપૂર્ણ અહિંસાનું નિર્વિઘ્ને પાલન કરી શકયા. આ અહિંસા માનવ સત્-ધર્મનું મૂળ છે અને ભાગવતધર્મની પવિત્ર આધારશિલા છે, જે દ્વારા મનુષ્ય વિશ્વના સર્વોચ્ચ તત્ત્વ બ્રહ્મનો આત્યંતિક સાક્ષાત્કાર કરી શકે.

આ પરથી **હિન્દુઓ માટે** એટલું સમજવું અત્યંત આવશ્યક છે કે જો કે ગાયને તેની હાલની વિષમ પરિસ્થિતિમાંથી બચાવવાનું કાર્ય મુખ્યત્વે તેઓ પર આવી પડેલ છે તો પણ તેની અદન્યતાનો આધાર તો ''કરુણા તથા અહિંસા'' કે જે હિન્દુઓનો પોતાનો જ સનાતન સત્-ધર્મ છે તેના અચલ પાયા પર જ હોવો જોઇએ, માત્ર ગાયની પવિત્રતાની ભાવના પર નહીં. ગાય પવિત્ર તથા પાવન કરનારી છે તે નિ:શંક છે, અને તે કારણે તે બમણી અવધ્યા છે, છતાં જેમ કેટલાક ભાવિક લોકોને ગુલામ બનાવી દેવામાં આવેલ હોવાના કારણ માત્રે ગુલામી ઘૃણાસ્પદ નથી, પરંતુ તે **માનવ-સ્વતંત્રતાનો નાશ** કરનારી તથા **માનવ-પ્રતિભાનો ધ્વંસ કરનારી** હોવાથી તિરસ્કરણીય છે, તેમ

ॐ




"ગૌમાંસ ખાવું તે પોતાની માતાનું માંસ ખાવા તુલ્ય છે." (લોકનીતિ-૭) -ભગવાન બુદ્ધ

સંવેદનશીલ નિર્દોષ પ્રાણીઓ પર થતી ક્રૂરતા તથા તેની હિંસા ગાયો માત્રના વધને કારણે નહીં, પરંતુ સઘળાં નિર્દોષ પ્રાણીઓની હત્યા જ - પછી ભલે તે ખોરાક, રોગ-ઔષધ સંશોધન અથવા વૈભવાર્થે હોય તો પણ - **અમાનુષી તથા ઘોર અન્યાયરૂપ** હોવાથી નિંદનીય તથા ત્યજવા યોગ્ય છે.

આથી કરી ગાયની બંધારણીય રક્ષાનો નૈતિક આધાર **વિશ્વવ્યાપક કરૂણા કે જે ઉચ્ચ જીવનનો મહાનિયમ છે** તે પર જ હોવો જોઈએ. કારણકે હાથી અને શ્વાન તથા વિદ્વાન બ્રાહ્મણ અને ચાંડાલ વચ્ચે ઉચ્ચનીચનો ભેદ હોવા છતાં કરૂણાની દ્રષ્ટિએ તો પરમાત્માએ સર્વને સમાન ભાવે અપનાવેલ છે.

એટલે યુદ્ધભૂમિ પરથી આવતાં છતાં અહિંસાની સતત સ્મૃતિ કરાવતા ગીતાજીના આ શબ્દોને સંપૂર્ણપણે લક્ષમાં લઈ જો **હિંદુઓ અહિંસાને માત્ર ગાય પૂરતી નહીં, પરંતુ સઘળાં પ્રાણીઓને અભય આપતા માનવ-ધર્મના કેન્દ્રમાં રાખશે તો,** તેઓ કે જે ગાયને પૂજે છે તેને જ નહીં, **પરંતુ પોતાના ધર્મને પણ** બહારથી ફૂલતો ફાલતો દેખાવા છતાં અંદરથી કરમાઇ સૂકાઈ જતો અટકાવી, **બચાવી શકશે. કારણકે અહિંસાના વ્યાપક પાલન વિના આ જગતમાં આધ્યાત્મિકતા અશકય છે અને આધ્યાત્મિકતાના પોષક જળ વિના સઘળો ધર્મ એક સૂકાઈ ગયેલ લાકડાં તુલ્ય છે.** પરંતુ એક વખત સઘળાં નિર્દોષ પ્રાણીઓની (બંધારણીય) રક્ષાના નૈતિક આધાર તરીકે વિશ્વવ્યાપક કરૂણાને સ્વીકારવામાં આવે તો હિન્દુઓ બધી કોમોના સામુહિક અંતરાત્માને જગાડી શકશે અને ગાયો તથા અન્ય પ્રાણીઓની બંધારણીય રક્ષાના ઉમદા કાર્યમાં તેમનો સહકાર મેળવી શકશે, એટલું જ નહીં પરંતુ કસાઇઓ અને

માછીમારોનું પણ પ્રજા તથા સરકારની મદદથી આર્થિક તથા સામાજિક પુનરુત્થાન કરાવી શકશે.

આ પ્રમાણે ગાયો અને વાછરડાં તથા દૂઝાણાં અને ભારવાહક પશુઓનું રક્ષણ **સંપૂર્ણપણે** એટલે કે જયાં સુધી દુઝાણાં ઢોરો દૂધ આપી શકે તથા ભારવાહક ઢોરો ભારવહન કરી શકે ત્યાં સુધી માત્રનું નહીં, પરંતુ ભારતના ૧૯૪૯ના બંધારણની કલમ ૪૮ના **મુળ ઈરાદા** પ્રમાણે **સાદી બહુમતિથી** પસાર થતા **ચાલુ કાયદા થકી** (બિનજરૂરી બંધારણીય સુધારા વ્દારા નહીં) **સંસદ વ્દારા** જ થવું જોઇએ, **જે સત્તા સંસદને** ૧૯૪૯ના બંધારણ નીચે અવશ્ય છે.

આ પ્રમાણે કરવાથી કલમ ૪૮ના સ્પષ્ટ શબ્દો છતાં હાલમાં દૂઝણાં અને ભારવાહક પશુઓનું શોષણ અશકય બનતાં તેમને મારી ખાઈ જવારૂપી જે ઘોર અન્યાય થઈ રહ્યો છે તે અટકશે એટલું જ નહીં, પરંતુ વહેલાં કસાઈખાના તરફ ધકેલવા માટે તેમને અપંગ તથા અંગછેદિત કરવાના અમાનુષી ત્રાસ તથા ઘાતકીપણાના પાપમાંથી મનુષ્યો બચી જશે, અને પશુઓ પણ આ અસહ્ય યાતનામાંથી આપોઆપ ઉગરી જશે.

**એટલે રાષ્ટ્રીય જીવનમાંથી માંસાહારને સંપૂર્ણ તિલાંજલિ આપવાના કાર્યક્રમના પ્રથમ ભાગરૂપ ગાયની રક્ષા, અન્ય પ્રાણીઓના ભોગે ન બને એ અર્થે એટલું તો અવશ્ય જરૂરી છે કે સરકાર આ લોહિયાળ વ્યાપાર વ્દારા પરદેશી હૂંડિયામણ કમાવાની નીતિનો ત્યાગ કરી અને પ્રથમ અહિંસાના ભાગરુપ રેલવેમાં માંસાહારી ખોરાક આપવો બંધ કરવો જોઇએ.**

ૐ




શ્રી સમેત શિખરજી

પ્રાણીઓને થતાં દુઃખને ધ્યાનમાં લેતાં રેલવેમાં માંસાહારી ખોરાકનો પ્રબંધ કરવાની રેલવેતંત્રની કોઈ ફરજ નથી, કે અનિવાર્ય સગવડ તરીકે માંસાહારી ખોરાક માંગવાનો જાહેર પ્રજાનો અધિકાર રેલવે તંત્ર સામે નથી. એસ.ટી. બસ સ્ટેશને, સરકારી અતિથિગૃહો, વિમાની મથકો, સમુદ્રના બંદરો વગેરેએ પણ આનો અમલ કરવો જોઇએ.

આમ હિંદુઓએ સમજવું જોઇએ કે જૈન કે બૌદ્ધ ધર્મમાં વર્ણવાયેલી અહિંસા ઋગ્વેદ જેટલી પ્રાચીન છે. જે સનાતન્ સત્-ધર્મના પાયા રૂપ છે. જગતના લોકોએ સમજવું જોઈએ કે વિશ્વવ્યાપી અહિંસા વગર વિશ્વની આત્મૌન્નતિ થઈ શકે નહીં અને આત્મૌન્નતિ વગર માનવજાતિનું ઊર્ધ્વીકરણ અશકય છે.

અનંત ઉંડાણવાળા મહાસાગરમાં થરથરતી દુનિયાએ અણુયુદ્ધના જેવી વિનાશક અસરોથી બચવા માગતી હોય તો ઘણું મોડું થાય તે પહેલાં વિશ્વના રાજયોએ પાશવી સૈન્યોની જમાવટ બંધ કરવી જોઇએ. આવી જમાવટ ફકત વિશ્વવિનાશ તરફ દોરી જશે.

નૈતિક અને આધ્યાત્મિક પાયા પર રચાયેલ ઉચ્ચ જીવન માટેની પ્રમાણિક ઈચ્છા માનવજાતને શાંતિથી જીવવામાં અને તેના પતન થયેલા આત્માનો ઉદ્ધાર કરવામાં મદદ કરશે. કરૂણા ઉપર આધારિત કાર્યશીલ અહિંસાનું પશુઓ પ્રત્યેનું કાર્યદક્ષ આયોજન અને અમલ એ મૂળભૂત જરૂરિયાત છે અને નૈતિક આધ્યાત્મિક પૂર્વશરત છે.

# પરિશિષ્ટ

(આ પુસ્તકના પ્રકરણ ૪ માં ગૌરક્ષાની બાબત બંધારણીય દ્રષ્ટિએ ચર્ચા કરવામાં આવેલ છે તેની વિસ્તૃત સમજ માટે વાંચકોને આ પત્ર પરિશિષ્ટ રૂપે અહીં રજૂ કરીએ છીએ).

‘શ્યામલડ્વં
૧૦, સરદારનગર,
રાજકોટ.
તા. ૮-૯-૭૮

પ્રતિ,
વડા પ્રધાનશ્રીને અંગત
ભારત સરકાર,
નવી દિલ્હી.

**સંદર્ભ :** (જગતભર પર) તોળાઈ રહેલ જળપ્રલયની પશ્ચાદ ભૂમિકામાં ગાયો વિગેરેની થતી હત્યા બંધ કરવાની તાત્કાલિક આવશ્યકતા. (અંગ્રેજીમાંથી અનુવાદ)

સુજ્ઞ શ્રી મોરારજીભાઇ દેસાઈ,

................ સાથે મોકલાવેલ પત્રિકાના પાછલા છેલ્લા પરિચ્છેદને ધ્યાનપૂર્વક વાંચવાથી, ભારત સહિત સમગ્ર જગત, જે વિપત્તિ કાળમાંથી પસાર થઇ રહેલ છે તે પ્રવર્તમાન (આંશિક) પ્રલયના અસ્તિત્વ વિષેનો આપને ખ્યાલ આવી જશે.

જો એટલું પૂરતું ન હોય તો ‘‘વિશ્વ આગાહીઓ’’ વિષેનું કોઇપણ સારું પુસ્તક, અગાઉથી કરવામાં આવેલ અને સાચી પડેલ ભવિષ્યવાણીઓના સભાનતાથી તુલનાત્મક રીતે વાંચી

જવાથી આપને ખાત્રી થશે કે જ્યોતિર્વિદોની આગાહીઓ પ્રમાણે અત્યારનો સમય વાસ્તવિકતામાં પ્રલયનો છે.

........દેશભરમાં ગાયો વિગેરે ને કસાઇની છરીથી રક્ષણ આપવામાં આવે તો આ ભયંકર આફતને અટકાવવી શક્ય છે.

........૧૯૪૯ના બંધારણની કલમ ૪૮, (constituent states) રાજ્યો અને તેની ધારાસભાઓ કરતાં, કેન્દ્ર સરકાર તથા સંસદની સાથે વધુ સુસંગત છે.

કલમ ૪૮ મુજબ : રાજ્ય, ખેતી તથા પશુ સંવર્ધન આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી વ્યવસ્થિત કરવા પ્રયાસ કરશે અને વિશેષ કરીને પશુઓની ઓલાદની જાળવણી તથા સુધારણા અર્થે અને ગાયો તથા વાછરડાં અને બીજા દુધાળાં તથા ભારવાહક પશુઓની હત્યા બંધ કરવા પગલાં લેશે.'

હવે કલમ ૩૬ ની સાથે કલમ ૧૨ વાંચતાં (કલમ ૪૮માં વપરાએલ) રાજ્ય શબ્દની વ્યાખ્યા નીચે પ્રમાણે આપવામાં આવેલ છે :

'આ ભાગમાં, બીજી રીતે સંદર્ભની જરૂર ન હોય તો 'રાજ્ય' શબ્દમાં ભારતની કેન્દ્ર સરકાર અને સંસદ અને રાજ્યોની સરકાર તથા દરેક રાજ્યની ધારાસભાઓ અને ભારતીય પ્રદેશ માંહેની અથવા ભારત સરકારના નિયંત્રણ હેઠળની બધીજ સ્થાનિક અને અન્ય સત્તાઓનો સમાવેશ થાય છે.''

હવે આ સંદર્ભમાં 'રાજ્ય' શબ્દમાં ભારતની કેન્દ્ર સરકાર અને સંસદનો સમાવેશ થાય છે કે માત્ર સમાવિષ્ટ રાજ્યો (constituent states) એ નક્કી કરવા માટે, કલમ ૪૮ અસંદિગ્ધપણે, ખેતી અને પશુ સંવર્ધન અને તેની જાળવણી તથા

સુધારણા સાથે સંબંધ ધરાવતો નથી, એ નોંધવું જરૂરી છે. એ બધાં માટે તો કલમ ૨૪૬ ની પેટા-કલમ ૧૫, અનુસૂચિ ૭ ની યાદી ૨ માં સમાવિષ્ટ રાજ્યો (constituent states) ના વિષય તરીકે, પૂરતા પ્રમાણમાં જોગવાઇ કરેલ છે. જયારે કલમ ૪૮ 'રાજય' કૃષિ અને પશુ સંવર્ધન ક્ષેત્રે **આધુનિક અને વૈજ્ઞાનિક પધ્ધતિએ** પ્રયત્નો કરવા આદેશ આપે છે, **જેમાં સંપૂર્ણ અને સુગ્રંથિત નીતિ સમાએલ છે** અને એટલા માટે જ 'રાજ્ય' શબ્દ સમાવિષ્ટ રાજ્યો (constituent states) કરતાં કેન્દ્ર સરકાર સાથે વધુ સુસંગત રીતે સંબંધ ધરાવે છે, એજ પ્રમાણે કલમનો છેલ્લો ભાગ માનવતાને લક્ષ્યમાં રાખીને ઉપસ્થિત થતા પ્રશ્નો કે જેમાં સમ્યક્ વ્યવહારનો સમાવેશ થઈ જાય છે, તેનો સંબંધ ધરાવતો હોવાથી કલમ ૪૮ તદ્દન યોગ્ય રીતે કેન્દ્ર સરકાર સાથે સુસંગત છે.

આ કલમ ૪૮ ને એક બાજુ પર રાખીએ તો પણ સંસદ પાસે એના સાર્વભૌમત્વની અંતરગત 'પોલીસ પાવર' રૂપ એક સત્તા સમાએલ છે જેનાથી સંસદને તંદુરસ્તી અને આરોગ્ય, શિષ્ટાચાર અને નૈતિકતા, માનવતા અંગે લક્ષમાં લેવાની બાબતો તથા દેશના સંરક્ષણને લગતી બાબતો વિષે કાયદાઓ ઘડી શકવાની સત્તા છે.

ઉપરોકત વિધાનની સત્યતાના સમર્થનમાં અમેરીકાની કોર્ટોમાં 'પોલીસ પાવર' ની રૂએ ચાલેલા મુકર્દમાઓમાંના નિર્ણયોમાંથી લીધેલ થોડીક વ્યાખ્યાઓ બતાવી આપશે. 'પોલીસ પાવર્સ' સરકારના સાર્વભૌમત્વની અંતરગત સત્તા છે જેની રૂએ પ્રજાના કલ્યાણની જરૂરિયાતને માટે જયારે જરૂર પડે ત્યારે પોતાની સ્થાવર મિલકતના ઉપયોગ બાબત એક પ્રજાજન બીજાની સાથે કેવી રીતે વ્યવહાર કે વર્તન કરે તે નિયમનને લગતા

કાયદા ઘડવાની સરકાર સત્તા ધરાવે છે. (ટીલ્ટન વિ. સીટી ઓફ યુટીકા ૭૦ ન્યુયોર્ક સ્ટેટ ૨ ડી ૨૧૯, ૨૭૮).

'પોલીસ પાવર્સ' એ શબ્દ વિશાળ અર્થમાં બધાજ કાયદાઓ અને નાગરિક સરકારના લગભગ બધા કાયદાઓનો સમાવેશ કરે છે. (હંટર વિગેરે ગ્રીન ૧૯૪, ૫૦, ૩૭૯, ૩૮૦, ૧૪૨ ફ્લા ૧૦૪).

'વ્યકિત માટે જેની અનિવાર્ય આવશ્યકતાનો કાયદો છે તેમ 'પોલીસ પાવર' જાહેર જનતા માટે છે. (સ્ટેટ એકસ રેલ. મેકબ્રાઇડ વિ. કીંગ કન્ટ્રીની સુપુરીયર કોર્ટ ૧૭૪, પૃ. ૯૭૩, ૧૦૩ વોશ ૪૦૯).

'પોલીસ પાવર' હેઠળ સરકાર લોકોની તંદુરસ્તી, શાંતિ, નીતિમત્તા, શિક્ષણ અને સુવ્યવસ્થા સ્થાપવા માટે નિયમો સૂચવી શકે અને કાયદાઓ ઘડી શકે. (સ્ટેટ ઓફ વોશીંગટન વિ. મામલેક ૧૦૯, પૃ. ૪૭, ૫૮ વોશીંગટન ૭૩૧, ૩૩૭).

સામાન્ય રીતે 'પોલીસ પાવર્સ' માં બધીજ જાહેર જરૂરીયાતો સંતોષવા માટેની જોગવાઈ છે અને રોજીંદા ઉપયોગમાં જેને અનુમતિ મળી હોય તેવી રીત રસમોને સહાયક તરીકે આગળ ધરે અથવા પ્રચલિત નીતિમત્તાએ સ્વીકારેલ બાબતો કે જાહેર હિત માટે પ્રબળ અને તાત્કાલિક રીતે જરૂરી બાબતો અને પ્રભાવશાળી વિચાર ધારાઓને અનુમોદન આપવા માટે 'પોલીસ પાવર' નો ઉપયોગ થઈ શકે છે. (સ્ટેટ ઓફ રેલ સીટી ઓફ માઇનોટ વિ. ગ્રોન્ના ૫૯ એન. ડબલ્યુ. ૨ ડી ૫૧૪, ૫૩૧, ૫૩૨, ૫૮૯, ૭૯ અને ડી. ૭૭૩).

**સત્-ચિત્-આત્મન્**

## પાદટીપ :

૧. તાત્કાલિક વટહુકમ વ્દારા કે વ્યવસ્થિત રીતે સંસદના ખરડા વ્દારા ગાયોની સુરક્ષાનો કાયદો દેશવ્યાપી બને કે નહીં છતાં પ્રલય નિવારણ તથા ગાયો વિગેરે ની તાત્કાલિક સમરક્ષા અંગેની આધ્યાત્મિક જરૂરીયાત અનુસાર ધોરણસરનો અમારો કાર્યક્રમ ચાલુજ રહેશે.

૨. સત્-ચિત્-આત્મન્ ગાયોને તેની સહજ પવિત્રતાને દ્રષ્ટિમાં રાખી પૂજયભાવથી જુએ છે, અને તેથી દયાની દ્રષ્ટિએ ગાયો સંપૂર્ણ રીતે અદન્ય હોવી જોઇએ, છતાં **સત્-ચિત્-આત્મન્ મક્કમ પણે માને છે કે બધાં નિર્દોષ પ્રાણીઓને જીવવાનો પ્રકૃતિદત નૈતિક અધિકાર છે.** પશુઓના રક્ષણને લગતી કલમ ૪૮ નો બહુજ સાંકડો અને અનુચિત અર્થ ઘટાવી સુપ્રીમ કોર્ટે દૂધાળાં અને ભારવાહક પશુઓ પાસેથી તેમનો કાયદેસરનો અધિકાર છીનવી લીધો છે. શબ્દો સ્પષ્ટ રીતે પશુઓના વર્ગોનો નિર્દેશ કરે છે અને તેમની હાલત કે સ્થિતિ કે જે કામચાઉ થોડા સમય પૂરતી ન હોય તેનો નહીં.

ઉપરના આવા અર્થઘટનને કારણે, વધુમાં પશુઓની રક્ષાને બદલે ઘાતકીપણું સર્જાયું છે, કારણકે ઘણી વખત જે પશુઓનો નિકાલ કરવાનો હોય છે. તેઓને કેટલાક લોકો પોતાનો હેતુ પાર પાડવા ખાતર, પ્રમાણપત્ર આપનાર અધિકારી પાસે દૂધાળાં અને ભારવહન કરવા માટે નિરૂપયોગી છે, એવું સાબિત કરવા માટે અપંગ બનાવી લઈ જાય છે અને કતલ કરવાની

પરવાનગી મેળવે છે.

૩. સત્-ચિત્-આત્મન્‌ને લાગે છે કે સરકારે, નિર્દોષ પ્રાણીઓની હિંસા થાય એવી કોઇ પણ પ્રવૃત્તિ કે યોજનાને ઉત્તેજન આપવું ન જોઇએ. જેમકે દા.ત. સરકારે 'વાઘ યોજના' જેવી યોજનાને સંચાલિત કરવી જોઇએ નહીં, કારણ કે 'જંગલી પ્રાણીઓના' રક્ષણના નામ હેઠળ હકીકતમાં ક્રૂર, શિકારી પ્રાણીઓનો અનેક ગણો ઉછેર થાય છે જેના પરિણામે નિર્દોષ પશુઓ કે જે તેઓનો ખોરાક છે તેના ઉપર તેઓ નભે છે અને વિસ્તાર પામે છે. બરડાનાં ડુંગરમાં સિંહોના અભ્યારણની યોજના હેઠળ દા.ત. જંગલી પશુઓની શ્રેણીમાં આવતા અનેક નાના હરણ જેવા પ્રાણીઓને અગાઉથી તેવા અરણ્યમાં, સિંહોના ખોરાક તરીકે મોકલવામાં આવે. આ કારણોસર આવી યોજનાઓ તથા તેની હેઠળ થયેલા કાયદાઓને તાત્કાલિક રદ કરી દેવા જોઇએ.

૪. સત્-ચિત્-આત્મન્ વિશેષમાં એવો વિચાર ધરાવે છે કે સરકારે ઘેટાં ઉછેર ઉદ્યોગ જેવા મોટા સાહસો હાથ ધરવા ન જોઇએ અને તેને ઉત્તેજન આપવું ન જોઇએ કારણ કે અત્યારના નીતિમત્તાની છેલ્લી કક્ષાએ પહોંચેલ, ગળાકાપ હરીફાઈમાં જગતના આર્થિકતાના માળખામાં, સંડોવાઇને તેઓ દેશને મહાન કતલખાનાઓના ગુણાકારીક ઉત્પાદનની આખરી પ્રક્રિયામાં લઇ જશે અને સાથેજ અસંખ્ય માણસોના વિશાળ સ્થાપિત હિતો ઉભા કરી એવી પરિસ્થિતિએ પહોંચાડી દેશે કે જયાંથી સહેલાઇથી પાછા ફરવાની કોઇ શકયતા રહેશે નહીં.

(મૂળનું સંક્ષિપ્તીકરણ - જરૂરી ફેરફારો અને કૌંસમાં સમજૂતિદર્શક શબ્દો સાથે અને ભારદર્શક શબ્દોના ઉમેરા સાથે).(અંગ્રેજી ભાષામાં લખાયેલ પત્રનું ભાષાંતર)

‘શ્યામલક્ષ્મી
૧૦, સરદારનગર,
રાજકોટ.
તા. ૨-૧૨-૭૮

પ્રતિ,
વડા પ્રધાનશ્રીને અંગત
ભારત સરકાર,
નવી દિલ્હી.

સુજ્ઞ શ્રી મોરારજીભાઈ દેસાઈ,

આપને પ્રથમ વખત લખતા પહેલાં સત્-ચિત્-આત્મન્‌ને જળ પ્રલય વિશે બે વખત જે દર્શનો થયાં હતાં તે અત્યારના યમુના અને ગંગા નદીઓના પૂરનાં નહોતાં, પરંતુ સારાએ જગત પર આવી રહેલ મહાઆપત્તિનાં સંદર્ભમાં હતાં. આ આપત્તિ ખૂબ પ્રાચીન સમયમાં પશ્ચિમમાં નોહાના વહાણ સાથે મોટા જળપ્રલયના રૂપમાં તથા અહીં ભારતમાં આપણાં પુરાણોમાં વર્ણવવામાં આવેલ મત્સ્ય અવતાર સાથે સંકળાયેલા હતાં. જો આવો જળપ્રલય ખરેખર આવે તો તેમાં થોડો પ્રદેશ માત્ર નહીં, પરંતુ દેશો તથા ખંડોની પણ પાણી હેઠળ જવાની શકયતા છે.

વ્યકિતગત રીતે જયોતિષની આગાહીઓ વિષે મનુષ્ય ગમે તે મત ધરાવી શકે, પરંતુ જો તેમના વડે આવનારી આપત્તિઓ અંગેનું પૂર્વજ્ઞાન થકી તેમને નિવારવાના સમયસર ઉપયોગી થવાનું શકય બને. દાખલા તરીકે એક ઘણી મહત્વની આગાહી જે લગભગ ચારસો વર્ષ પહેલા જાણીતા ફ્રેંચ જયોતિષી

નોસ્ટ્રેડમસે કરેલી :

'જર્મનીમાં ૨૦મી સદીની અધવચ્ચે ઓસ્ટ્રિયામાં જન્મેલ હિસ્ટર નામનો સરમુખત્યાર સત્તા પર આવશે જે જગતને વિશ્વયુદ્ધમાં સંડોવશે અને અંતમાં તેના દેશનો પરાજય તથા તેના ભાગલા થઈ જશે અને પોતાનો દુઃખદ અંત લાવશે.''

ઉપરની આગાહીની સત્યતા આપણે તત્કાલ જોઈ શકીએ તેમ છીએ. હવે એ જ ભવિષ્યવેતાએ નજીકના જ ભવિષ્ય વિશે (જે કદાચ અત્યાર માટે જ હોય) જે કહ્યું છે તે નીચે પ્રમાણે છે:

> ''વીસમી સદીના અંતભાગમાં પ્રકૃતિ એવું ભયંકર સ્વરૂપ ધારણ કરશે કે જે ક્યારેય જોવા મળ્યું નહીં હોય. જ્યાં જમીન છે ત્યાં પાણી થઈ જશે અને જ્યાં પાણી છે ત્યાં જમીન.ધરતીકંપ અને જ્વાળામુખીઓ ફાટવાની સાથે સાથ આ પરિસ્થિતિ લગભગ પ્રલય જેવી હશે.''

સત્-ચિત્-આત્મન્‌ને ભવિષ્ય વેતાઓની આગાહીઓ નો બચાવ કરવામાં કોઇ જ રસ નથી. છતાં તેમાંની કેટલીક આગાહીઓ પ્રલયાત્મક આપત્તિઓને દબાવવામાં ખૂબજ ઉપયોગી થયેલ છે. તેમનું આગામી જ્ઞાન, પોતાની તપસ્યા તથા અખંડ ધૂનના રૂપમાં યજ્ઞ તથા આપત્તિ વખતની સમૂહ પ્રાર્થના વ્દારા આ આપત્તિઓને દૂર કરવામાં મદદગાર બનેલ છે. બૃહત્ બ્રહ્મમંત્રની આ અખંડ ધૂન શ્યામલમાં છેલ્લા કેટલાક વર્ષોથી ચાલે છે. જેનો એક હેતુ પ્રલયને હટાવવાનો અને બીજો 'સત્યયુગ' ની સ્થાપના અર્થેનો છે.

આ બૃહત્ બ્રહ્મમંત્રના અખંડ અને નિયમિત ગાન થકી યોજાયેલ શુદ્ધ આધ્યાત્મિક યજ્ઞ સાચા અર્થમાં બ્રહ્મયજ્ઞ છે. ગીતાનું મહાકાવ્ય '**यज्ञानां जपयज्ञोऽस्मि**ને **जपयज्ञानां ब्रह्मयज्ञोऽस्मि**' વ્દારા તે પરિપૂર્ણ કરે છે.

ॐ હ્રીં રામ, જય રામ જય જય રામ' બ્રહ્મમંત્ર પાછળ

એવો અર્થ સમાયેલો છે કે :

'મારા આરાધ્ય ઇષ્ટનો સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપે મને સાક્ષાત્કાર થાઓ. સમગ્ર પૃથ્વી પર સત્-યુગની સ્થાપના થાઓ. ત્રણે લોકમાં (પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ) માં આધ્યાત્મિકતાનું સામ્રાજ્ય પ્રવર્તો.

જરૂરી સાધનો દ્વારા અને સંહિતાઓના વાચન દ્વારા વાસ્તવિક પ્રયોગો કરીને અને આધ્યાત્મિક સ્વરૂપના અનુભવો દ્વારા સત્-ચિત્-આત્મન્ એવા નિર્ણય પર આવેલ છે કે પરિસ્થિતિની જરૂરત પ્રમાણે બીજા યોગ્ય પગલાંઓની સાથોસાથ સાર્વત્રિક બ્રહ્મમંત્ર 'ૐ હ્રીં રામ, જય રામ, જય જય રામ'ની અખંડ ધૂન સ્થાયી રીતે સદા કાળ માટે યોજાય અને જરૂરી નિયમોના યથાર્થ પાલન દ્વારા જગતના જુદા જુદા ભાગોમાં પણ તે યોજાય તો જગતની આશરે ૨/૩ પ્રજાના વિનાશની શકયતાવાળા પ્રલયને દૂર કરવો શકય બને જે મહાવિનાશમાં અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, મહાવાત, ઉલ્કાપાત, ભૂપ્રકંપ, સાંક્રમક રોગો જેવી આપત્તિઓ તથા બરફયુગ, સાર્વત્રિક જળપ્રલય કે વિશ્વયુદ્ધ જેવી મહા આપત્તિઓનો સમાવેશ થાય છે.

જગત પર આ જળ પ્રલયના તોળાઈ રહેલ ભયને કારણે એવો વિચાર આવવો સહજ જ છે કે ઠેકઠેકાણે આ બ્રહ્મમંત્રની અખંડ ધૂનરૂપ બ્રહ્મયજ્ઞ શરૂ થાય એ પહેલાં જ જો આ આફત આવી પડે તો તેનો પ્રતિકાર કરવાનું કોઈ અસરકારક આધ્યાત્મિક સાધન નહીં રહે. તેવો વિચાર આવતા આ સંજોગો માં જ સત્-ચિત્-આત્મને તમોને લખવાનું વિચાર્યું. કારણ કે ખૂબ જ વ્યાજબી રીતે એમ માનવાને કારણ છે કે પૃથ્વી પર ઈશ્વરી પ્રકાશની હાજરી છતાં 'પ્રલય' ને સંપૂર્ણ પણે ટાળવો ત્યાં સુધી શકય નથી. જયાં સુધી આ દેશનું અંતરિક્ષ 'તમસ્' થી ઘેરાયેલું રહે. આ બધું અપૂર્વ માત્રામાં સતત રીતે આચરાયેલ હિંસાનું પરિણામ છે જે ગાય સહિતના નિર્દોષ પ્રાણીઓ જેમને આપણે અતિ પવિત્ર અને અવધ્ય માનીએ છીએ તેમની કતલનું પરિણામ છે.

આમ જો કે ગાયોની માવજત અને કાઈ વિશિષ્ટ આપત્તિ વચ્ચે સીધો સંબંધ હોવાનું સત્-ચિત્-આત્મન્ ધારતા નથી છતાં તેઓ એમ જરૂર વિચારે છે કે અવિદ્યાના ઘોર પ્રલયાત્મક પરિબળો માથાં ઉંચકી રહ્યાં છે અને પૃથ્વી પર ક્રિયાશીલ થઈ રહ્યાં છે. મોટા પાયા પરની હિંસા, શોષણ અને મૂંગા નિરાધાર જીવો તરફનું ઘાતકીપણું જેવા માનવજાતિના સામૂહિક પાપોને કારણે અંતરિક્ષમાંથી (આવી આપત્તિઓ) વરસવા લાગી છે. આવી પરિસ્થિતિ પૃથ્વી પર **'સત્'** ના દિવ્ય પ્રકાશને કાર્ય કરવામાં આડખીલી ઊભી કરે છે.

આવા મૂંગા નિર્દોષ પશુઓ (ગાયો સહિત) ની પ્રતિદિન થતી કતલને પળના પણ વિલંબ વિના અટકાવવી જોઇએ. આમ કરવાથી જ અંતરિક્ષ પરનાં પ્રદૂષણો અને પાપ દૂર થશે અને દૈવી પ્રકાશ પૃથ્વી પર પહોંચી માનવ હૃદય સુધી પહોંચશે આનાથી ભયંકર પરિણામોવાળા અને સમગ્ર માનવજાતિ માટે ખતરનાક એવા પ્રલયને માત્ર ટાળવાનું જ શક્ય બનશે એમ નથી પણ એક ખૂણામાં પડેલો સત્યયુગ રૂપી સુવર્ણયુગ આ પૃથ્વી પર લાવવાનું પણ શક્ય બનશે.

આપની સફળતા, દીર્ઘાયુ તથા સુખાકારી સાથે.

**સત્-ચિત્-આત્મન્**

**તા.ક.:** આ બાબતમાં સંસદને ધારો ઘડવાની સત્તા છે તેમ એક વખત જો માન્ય રાખવામાં આવે -(અને) સર્વ બંધારણીય જોગવાઈ મુજબ (તેને) આ સત્તા છે જ -તો કટોકટી કાળ ગણી આ બાબતમાં વટહુકમ બહાર ન પાડી શકાય તેમ માનવાને કોઈ કારણ નથી, અને જ્યારે સંસદ મળે ત્યારે વટહુકમની વિરૂદ્ધમાં અને તરફેણમાં દલીલો કરી વિચારણા કરી શકે.

સમયસર પગલા લેવાના ઉપયોગીપણા ઉપરાંત તે (માનવજાતિ) માથે ઝળુંબી રહેલ મહાવિનાશને રોકવા માટે તથા અસંખ્ય પ્રાણીઓને ક્રૂરતા, હત્યા તથા કમોત માંથી ઉગારી શકાશે.

(મૂળનું સંક્ષિપ્તીકરણ - જરૂરી ફેરફારો અને કૌંસમાં સમજૂતિદર્શક શબ્દો સાથે અને ભારદર્શક શબ્દોના ઉમેરા સાથે). (અંગ્રેજી ભાષામાં લખાયેલ પત્રનું ભાષાંતર)

ૐ

© સર્વાધિકાર સ્વાધીન

## વિશ્વ સત્યયુગ સંસ્થાપન

સત્યયુગ - અધિષ્ઠાન, 'શ્યામલ' રાજકોટ. (ભારત)

સર્વ અધિકાર આ સંસ્થાને સ્વાધીન છે. તથાપિ બૌદ્ધિક, માનવતાવાદી અને આધ્યાત્મિક હેતુઓ માટે આ પુસ્તકના કોઈ પણ અંશ કે અંશોનું ઉદ્ધરણ પુસ્તકના નામ નિર્દેષ સહિત અવતરણ ચિહ્નો મૂકીને આપી શકાશે.

આ પુસ્તક અને તેના અનુવાદોના વર્તમાન તેમજ ભવિષ્યના વેચાણમાંથી જે આવક થાય તે માનવેતર પ્રાણીઓના કલ્યાણના એક માત્ર હેતુ માટે નીચે દર્શાવ્યા મુજબ કરવામાં આવશે.

૧. 'આત્મૌપમ્ય' (એટલે કે અન્યના સ્થાને પોતાની જાતને આત્મ સભાનતા પૂર્વક મૂકવાની પ્રક્રિયા) પર આધારિત બધા જ પ્રકારના જીવો માટે ખરા આદરભાવની સ્થાપના કરવી— સુશિક્ષિત જાહેર મત દ્વારા.

૨. બધા નિર્દોષ પ્રાણીઓનું ક્રૂરતા અને હિંસામાંથી રક્ષણ કરવા તેમજ આ સિવાયના પ્રાણીઓનું ક્રૂરતા અને બીન જરૂરી હિંસામાંથી રક્ષણ કરવા માટે મૂળભૂત બંધારણીય રક્ષણની જોગવાઈ કરવી.

૩. મૂક જીવોની વ્યથા અને વેદના પરત્વે વિશ્વના અંતરાત્માઓને જાગૃત કરવા અને માનવનાં જડ બનેલા હૃદય પુનઃસંચાલિત કરી, તેનામાં કરુણાની ભાવના પ્રેરવી.

૪. ઉપરના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે અને આ પુસ્તકનાં પુનઃ મુદ્રણ તથા અનુવાદો માટે એક ટ્રસ્ટની રચના કરવી.

સત્-ચિત્-આત્મન્

ॐ

# ગૌમાતા

અકલ્પ્ય સંખ્યામાં માનવેતર નિર્દોષ જીવોના નિર્દય શોષાણ અને અવિચારી વિનાશ પર આધારિત વિચિત્ર સમૃદ્ધિના જુલ્મી ઝળહળાટ નીચે ગૌમાતા ઉભી છે. ગૌમાતા–માનવીના નિત્યનાં પાડોશી (કટુંબીજન) તરીકે, માતાની ભવ્યતા સાથે તેની ગંભીર મુદ્રામાં દેદીપ્યમાન છે. તેની આંખોમાં છલકાતી કરૂણા (માનવના હૃદયમાં કરૂણા) પ્રેરે છે, અને અંતરમાં દિવ્ય પ્રકાશ ધારણ કરે છે, તેની સાત્વિક પ્રકૃતિ અને નિઃસ્વાર્થ સેવામાંથી એ પ્રાદુર્ભૂત છે અને તેથી પવિત્રતાની મૂર્તિ છે–(પાવની)

જેણે માનવજાતને જીવન અર્પનાર અમૃત–દૂધથી પોષેલ છે, તે જ માનવજાતના અપમાનિત વ્યવહાર અને અમાનુષી ક્રૂરતાનો ભોગ બનનાર, માનવેતર પ્રાણીઓની મૂક પ્રતિનિધિ ગૌમાતા છે. અનેકવિધ માર્ગે ઈતિહાસના ઉષાકાળથી ગૌમાતાએ માનવજાતની સેવા કરી છે. જગતમાં સંસ્કૃતિનો જન્મ આપનાર તે જ (ગાય) છે તેટલું જ નહિં પરંતુ વિશિષ્ટ રીતે ભારતની નૈતિક અને આધ્યાત્મિક સંસ્કૃતિનું ઘડતર  કરનાર પણ ગૌમાતા જ છે.

ઉચ્ચત્તર પ્રકૃતિનું પ્રતિક છે–'અદિતિ'. પાપ (evil) અને પુણ્ય (good) વચ્ચેની સમતુલાનું એણે સંવેદનશીલ કેન્દ્ર ધારણ કરેલ છે.

ગાય માત્ર માનવનું ખરૂં મૂળ સ્વરૂપ (એનો શકિત સંભૃત આત્મા–પરમાત્માના અંશરૂપ) અને તેના અપરાજિત અહ્મ [(જે) વાસ્તવમાં સ્વાર્થી પ્રાણી (છે), ગણત્રીપૂર્વકની બુધ્દ્ધિથી શસ્ત્રસજ્જ–ભ્રામક માયાના સાધનરૂપ (છે) તેની] વચ્ચે નૈતિક સેતુ જ નથી પણ ખરી દિવ્ય શકિત એ છે–'સત્–શકિત'. માનવીની અમાનુષિતાના પ્રકોપમાંથી માનવને (પોતાને) ઉગારી, માનવ સહિત તમામ જીવોના મોક્ષ માટેનો ઉદ્દેશ ધરાવવા તથા પૃથ્વી પરના બધા જ જીવોની પવિત્રતા અને આદર ભાવનાની સ્થાપના માટેના આધ્યાત્મિક આંદોલનમાં અગ્રેસર  રહેવા તે સર્જાયેલી છે.

શ્રી સત્–ચિત્–આત્મન્

(શ્રી સત્–ચિત્–આત્મન્ ભગવાન રચિત " THE COW " નું ભાષાંતર)